Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૮ ક્રમાંક ૯૬ અંક ૧૨

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

| वर्ष ८ | વિક્રમ સં. ૧૯૯૯ : વીરનિ. સં. ૨૪૬૯ : ઇસ્વીસન ૧૯૪૩ | क्रमांक |
|---|---|---|
| अंक १२ | ભાદ્રપદ વદિ ૨ : બુધવાર : સપ્ટેમ્બર ૧૫ | ९६ |

## વિષય – દર્શન


| | | | | |
|---|---|---|---|---|
| ૧ श्रीआणंदविमलसूरिस्वाध्याय | : | पू. मु. म. श्री. वल्लभविजयजी | : | ૩૫૫ |
| ૨ ઉ. શ્રી. જ્ઞાનસાગરજી ગણિકૃત તીર્થમાલા સ્તવન | : | પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી | : | ૩૫૬ |
| ૩ संस्कृत-प्राकृतमयी "भीमकुमारकथा" | : | श्री. डॉ. बनारसीदासजी जैन | : | ૩૬૨ |
| ૪ ગિરનારનો જીર્ણોદ્ધાર ( કથા ) | : | N. | : | ૩૬૪ |
| ખુલાસો | | | : | ૩૬૯ |
| ૫ આ. વિજયધરણેન્દ્રસૂરિનો સં. ૧૯૨૩ નો ક્ષેત્રાદેશપટ્ટક | : | શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા | : | ૩૭૦ |
| ૬ જૈનદર્શનની લોકોત્તર આસ્તિકતા | : | પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી | : | ૩૭૪ |
| ૭ तथाकथित अशोकस्तम्भोंका प्रयोजन | : | श्री. भा. रं. कुलकर्णी | : | ૩૭૭ |
| ૮ सूर्य पहाडकी प्राचीन जैनमूर्तियां | : | श्री. भंवरलालजी नाहटा | : | ૩૭૯ |
| ૯ પ્રવચન–પ્રશ્નમાલા | : | પૂ. આ. મ શ્રી. વિજયપદ્મસૂરિજી | : | ૩૮૧ |

આઠમા વર્ષનું વિષય દર્શન. વિક્રમ–વિશેષાંકની યોજના. નવી મદદ. સ્વીકાર.


**સૂચના**—આ માસિક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે તેથી સરનામાના ફેરફારના ખબર બારમી તારીખે સમિતિના કાર્યાલયે પહોંચાડવા.

**લવાજમ—વાર્ષિક–બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના**

મુદ્રક : નરોત્તમ હ. પંડ્યા; પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ; પ્રકાશનસ્થાન શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી. મીરજાપુર રોડ. અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥

# श्री जैन सत्य प्रकाश

વર્ષ ૮] ક્રમાંક ૯૬ [અંક ૧૨

## श्रीआणंदविमलसूरि-स्वाध्याय

संग्राहकः—पूज्य मुनिमहाराज श्री वल्लभविजयजी, [पू. मु. म. श्रीज्ञानविजयजीशिष्य]

पणमिअ पासजिणिंदं, थुणामि भत्तीइ सत्तिजुत्तीए ।
आणंदविमलसूरिं, तवगण–गयणयरवरसूरं ॥१॥
जेणुद्धरिका किरिया, सुत्तत्थं लहिअ गहिअ परमत्थं ।
उज्झिअपमायपंथं, तं वंदे भूरिगुणसूरिं ॥२॥
आसी किरिआपल्लविओ, मिलाणिमावन्नओ वि कलिदोसा ।
चारित्तकप्परुक्खो, जेणं वेरग्ग–रस–सित्तो ॥३॥
भविअकमलाण बोहं, मोहं हरिऊण गोविलासेहिं ।
सूरोव्व भूरितेओ, पुहविअले एक्कु जो कासी ॥४॥
सूरेण जहा दिअहो, रयणी चंदेण सग्गु इंदेण ।
सोहाविअं पवयणं, तह जेणं मुणिवरिंदेण ॥५॥
विहिओ उग्गविहारो, पुहविअले सव्वभव्वसत्ताणं ।
जेण पडिबोहणत्थं, घोरयरतवं चरंतेणं ॥६॥
कुमयंधकूवपडिआ, उद्धरिआ भव्वसत्तसंघाया ।
अवितहजिणमयदंसण,–हत्थालंबेण इह जेण ॥७॥
आणंदविमलसूरिं, तं तपणाणंदचंदसुंदरयं ।
सिरि हेमविमलसूरि,–सीसं सीसेण पणमामि ॥८॥
इअ थुणिओ मुणिणाहो, सिरिमं आणंदविमलसूरीसो ।
आणंदविजयमयनिज,–पयपउमे देउ अलिलीलं ॥९॥

॥ इति श्री आणंदविमलसूरिस्वाध्यायः ॥ संपूर्णः ॥

---

આ સ્વાધ્યાયના કર્તા મુનિ આનંદવિજયજી છે અને તે શ્રી આનંદવિમલસૂરિના શિષ્ય વિજયવિમલગણિ–વાનરઋષિના શિષ્ય છે. તેમણે જેસલમેરમાં તપગચ્છનો જ્ઞાનકોષ સ્થાપી તેમાં શ્રી હીરવિજયસૂરિજીની મૂર્તિ બેસાડી હતી, સં, ૧૬૬૧ માં ખંભાતમાં પ્રતિષ્ઠા કરી હતી, હર્ષકુલકૃત ત્રિભંગીસૂત્ર પર ટીકા કરી હતી અને પોતાના ગુરુએ રચેલ ગચ્છાચારપયન્નાની મોટી ટીકાના સંશોધન–લેખનમાં સહાયતા કરી હતી. આ રીતે આ સ્વાધ્યાય ત્રણસો વર્ષથી વધુ પ્રાચીન ગણી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉપાધ્યાય શ્રી જ્ઞાનસાગરજી ગણિકૃત

# તીર્થમાલા-સ્તવન

[ વિ. સં. ૧૮૨૧માં રચાયેલી એક મહત્ત્વની કાવ્યકૃતિ ]

સંગ્રાહક તથા સંપાદક-પૂજ્ય **મુનિમહારાજ શ્રી જયંતવિજયજી મહારાજ**

[ ગતાંકથી ચાલુ ]

ઢાળ. ૬. ( દૂહા )

**સહસવીર નાથજી** ભલા, કરે ધૃત લહેણી ઉદાર;
આવ્યો **બીજાપુર** તથા, પટણી સંઘ સફાર. ૧
અવસર એહવે એપીઓ, **સીરોહીનો** સાર;
**પલ્હાદનપુર**-પતિ તણો, લેખ મુદ્રાંકિત ચાર. ૨
કાગળ વાંચી સંઘવી, આવજ્યો આંણિમહોર;
શ્રી **અર્બુદગિરિ** ભેટવા, અમે કરસ્યું તુંમ ગોર. ૩
વાંચી પત્ર હરખિત ઘણું, જાવા કીધ વિચાર;
**અર્બુદાગિરિ** સંઘના, કીધાં પ્રિયાણું સાર. ૪

( મોતીડાની દેશી )

ગાંમ **ખેરાલુઇ** શ્રીસંઘ આવ્યો, ચૈત્ય એક દેખી તિહાં ઠાવ્યો;
બીજે દીન **વડગામે** આવ્યા, ચૈત્ય એક વાંદી સુખ પાવ્યા.
સાહબા ગુણસંગી હમારા. મો૦ ૧
તિહાંથી **વગદા** ગામેં પોહતા, જિનગૃહ એક વાંદે સમો હોતા; સા૦
ગામ **આણુંદપુર** દેહરૂં એક, સંઘ સહૂ વાદે ધરીય વિવેક; સા૦ ૨
શાસન સાહજ્ય કરેં વડવીર, **મગરવાડે** સાહસ ધીર; સા૦
માણિભદ્ર યક્ષ જઈનઇ ભેટયા, સંઘ-વિઘન સહૂ તિહાંથી મેટ્યા. સા૦ ૩
તિહાં એક જિનવર વાંદી વલીયા, વાહણે **પાલણપુર** જઇ મલિયા; સા૦
ખાંન **સલેમ** સંઘ સાહમો આવ્યો, વાજતે ડંકે પુરમાં લાવ્યો. સા૦ ૪
સંઘ તિહાંનો સંઘનેં સાર, કરેં સાહમીઉં અતિ હિતકાર; સા૦
પુરમાં આવી દેહરાં ત્રિણ, ભેટયાં શ્રીસંઘ ભાવ અદીન. સા૦ ૫
બીજાં દેરાસર ત્રેવીસ વાંદી, પૂણ્ય સિરિ કીધી ઘરબાંદી સા૦

---

**ઢાલ ૬ દૂહા** [૨] પલ્હાદનપુર=પાલણપુર. [૩] આંણિમહોર=આ તરફ. [૪] પ્રિયાણું=પ્રયાણ.

**ઢાલ ૬** [૩] સાહાજ્ય=સહાય. [૪] વાહણે=પ્રભાતે. [૫] અદીન=ઉદાર. [૬] પૂણ્ય-સિરિ=પુણ્યરૂપી લક્ષ્મી, ઘરબાંદી=ઘરની ચાકરડી. એટલે કે પુણ્યરૂપી લક્ષ્મી જાણે પોતાની ચાકરડી હોય એ રીતે તેને પોતાને અધીન કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લહેંણી એક કરેં પટણી **મીઠો**, ઘૃતની ભાવ ધરીનેં વિસિઠો. સા૦ ૬
સંઘવીને ખાંનબહાદુર દેખેં, હરખીત જન્મ કહેં તુમ લેખેં; સા૦
ઈમ બહુમાન દેઇનઈ સાથ, આવ્યો **બાદુરખાં** ભૂનાથ; સા૦ ૭
**પાલ્હણપુરથી** સંઘ સિધાવ્યો, ગામ **ભૂતેડી** તે કુશલેં આવ્યો; સા૦
પાલ્હણપુરનો સંઘ બહુ આવેં, યાત્રા કરણ મન હર્ષ ન માવેં. સા૦ ૮
લહેંણી એક સા **હીરા** આપેં, રાય **કર્ણ** તણો સુત દુકૃત કાપેં; સા૦
**દંતિવાડેં** સંઘ સિધાવ્યો, ચૈત્ય એક વાંદી સુખ પાવ્યો. સા૦ ૯
દીન ત્રીજેં **અર્બુદગિરિ** દીઠા, ગામ **હણાદરેં** જઈનિઈં બેઠા; સા૦
દેવલ એક છેં તિહાં મોટું, પૂજી પ્રણમી સવિ દુકૃત મેટયું; સા૦ ૧૦
શ્રી સીરોહીવાસી **કાનજી** સાહ, ઘૃત લહેંણી કરેં મનનેં ઉછાહ; સા૦
બીજો તસ સાથેં વવહારી, ગુલ લહેંણી કરેં સુકૃત વિચારી. સા૦ ૧૧
દિન ઇગ્યાર લગેં તિણેં દેશેં, ઠાકુર કચપચ કીધ વિશેષ; સા૦
તવ **બોઘલ** સા પટણી રુડો, સા **જગજીવન** નહીં ચિત્ત કૂડો. સા૦ ૧૨
એ બેહૂ સંઘવી પાસેં આવેં, મંત્ર કરી ઈમ વાત ઠરાવેં; સા૦
ઇણેં ધરતીના લોક છે દુષ્ટ, દ્રવ્ય વિના નહિ થાઇં પુષ્ટ. સા૦ ૧૩
ખાંન બહાદુર કહે હું અધિક ન આપું, મોહ બોલ્યું તે થિર કરી થાપ્યું; સ૦
મોજમહિરાણ તિહાં સંઘવી ભાષેં, ઇમ મનમાં સ્યો કીનો રાખે. સ૦ ૧૪
ઠાકુર જેહ કહેં ચિત્ત-ભાખેં, તેહ આપ્યું અમ છે સહૂ લેખે; સ૦
મોહમાંગ્યું ધન તેહનેં આપી, સંઘવી કીરતિ અવિચલ થાપી; સા૦ ૧૫
ફાગુણ સુદિ સાતમ શનિવારેં, યાત્રા કરવા હર્ષ અપારે; સા૦
**હણાદરાનો ઓપજી** રાણો, કહેં સંઘવીનેં એ ચિત્ત આણો. સા૦ ૧૬
સીરોહીરાણાનેં જે આપ્યો, તે અમનેં આપી થિર થાપ્યો; સા૦
સંઘવીઇં તેહનેં સમજાવ્યો, પ્રભુ ભેટન દીલ કાંઇ ન આવ્યો. સા૦ ૧૭

### ઢાળ ૭ ( દૂહા )

આબૂની નિકટેં સંઘની, ઋદ્ધિ કહું સવિશેષ;
સેજવાલાં સત આઠ તિમ, અશ્વ શત ત્રિણ મહેશ. ૧
પોઠી પડતલ પાંચસેં, પાંચસે મુનિવર સાથ;
યાચક એકશત સંઘમાં, સાતસેં સુભટ સનાથ. ૨
ભંડારી કુશલ ભલો, **શુભચારી** સુવિનિત;
નીતું મુનિશત પંચનેં, દેતો અસન એક ચિત્ત. ૩

[૧૦] હણાદરે=આબૂની તલેટીમાંનું અણાદરા ગામ. [૧૧] ઉછાહ=ઉત્સાહ. [૧૨] કચપચ=કચકચાટ. [૧૩] મંત્ર કરી=મંત્રણા કરી–વિચાર કરી. [૧૪] કીનો=કિન્નો–વૈર.
**ઢાલ ૭ દૂહા** [૩] નીતું=નિત્ય–હમેશાં. અસન=અશન–ખાવાનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મચારી દયાળુઓ, સા **ખુસાલ** કહેવાય;
કારકુની સંઘવીતણો, કરતો એક ચિત્ત લાય. ૪
**અમૃતાનંદ** પંન્યાસના, શિષ્ય યોગ **વિમલ** સનૂર;
**અર્બૂદગિરિવર** ભેટવા, આવ્યા ધરી ભાવ પડુર. ૫

( સુંદર સોભાગીની દેશી. )

હવે **અર્બુદગિરિ** પર ચઢવા, કર્મશત્રુને હણવા હો–
મનમાં હર્ષ ઘણો; સંઘને હર્ષ ઘણો.

સંઘ બહુલો નેં નાની વાટ, લોક ચઢીયા ઠાઠો ઠાઠ હો. સંઘ૦ ૧
દીન બે હૂયા સંઘનેં જાતાં, વિચિ વિચિ વિસામો ખાતાં હો; મ૦
નખિ તલાવને તીર, ઉતરીય કેઇ ધીર હો. સંઘ૦ ૨
પીધાં તિહાં ઠંડાં નીર, ટલી તવ સહૂ તનની પીર હો; મ૦
**દેલવાડા**નો ઠાકુર ધીઠો, દેહરો બંધ કરી બેઠો હો. સંઘ૦ ૩
સંઘવીઇ તેહનેં સીદ્ધો, ધન આપી પાધરો કીધો હો; મ૦
તેણે ઉઘાડયો દરબાર, સંઘ મનમાં હર્ષ અપાર હો. સંઘ૦ ૪
સુદિ નવમિ નેં શશિવારેં, સંઘ યાત્રા કરી મનોહારે હો; મ૦
**વિમલવસઈ**નો દેહરો દીઠો, અમૃતથી લાગે મીઠો હો. સંઘ૦ ૫
થંભ મંડપ દેહરેં દેહરી, તિહાં કોરણી સઘલી અનેરી હો; મ૦
ધન **વિમલમંત્રી** દ્રવ્ય, તેણેં ચૈત્ય કરાવ્યાં નવ્ય હો. સંઘ૦ ૬
તિહાં મૂલનાયક **રીસહેસ,** પૂજી પ્રણુમી ભાવ વિશેષ હો; મ૦
ભમતી પંચાવન દેહરી, તેહનેં પૂજતાં ટલેં ભવફેરી હો. સંઘ૦ ૭
તિહાં અંબિકાદેવી પાસેં, મુનિસુવ્રત ચૈત્ય ઉલ્લાસેં હો; મ૦
તે તો જીવિતસ્વામી કહાવેં, શ્રી રામજી બિમ્બ ભરાવેં હો. સંઘ૦ ૮
ઇણથી એ તીરથ સિદ્ધ, **વિમલમંત્રી** કીધો પ્રસીદ્ધ હો; મ૦
નીકલતાં જમણી પાસેં, ચૈત્ય દીઠું પરમ ઉલ્લાસેં હો. સંઘ૦ ૩
તેં જીન વાંદી વળતાં, **વિમલ** મેહતા દીઠા સમુહોતા હો; મ૦
મૂલ ચૈત્યનેં આમોસામી, ગજશાલા દીઠી બહુદ્રામી હો. સંઘ૦ ૧૦
તિહાંથી **વસ્તુપાલનેં** દેહરેં, **નેમનાથ** નમો શુભ પેહરેં હો; મ૦
તિહાં રચના નવિ કહેવાઈ, કોઇ દેવક્રિયા મન ભાવેં હો. સંઘ ૧૧
અઢાર લાખ રૂદીયાંનેં વિત્તે, દેહરાણી જ્યેઠાણી કરાવે ચૈત્ય હો; મ૦
ગજશાળાનો તેહવો ઠાઠ, જિનપૂજંતાં ગહગાટ હો. સંઘ૦ ૧૨

**ઢાલ ૭** [૨] વિચિવિચિ=વચ્ચે વચ્ચે. [૩] પીર=પીડ–પીડા. [૭] રીસહેસ=ઋષભદેવ. [૧૦] આમોસામી=આમનસામન–સામોસામ. બહુદ્રામી=બહુમૂલ્ય, દ્રમ–પૈસો. [૧૨] ગહગાટ=આનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસેં સા **ભીમા** ચૈત્યે, ધાતુમય બિંબ સુપવિત્ત હો; મ૦
પાસેં ચોમુખ નિહાલો, ભવસંચિ પાતિક ગાલો હો. સંઘ ૧૩
નાહનાં મોટાં દેહમાં ઝારી, **અચલગઢ** ભણી કીધી ત્યારી હો; મ૦
**અચલગઢને** પાદરે વારૂં, શાંતિચૈત્ય ભેટ્યું સુખકારૂ હો. સંઘ ૧૪
**કુમારપાલ**કૃત કહેવાઇ, વાંદી પૂજી ગઢ ભણી જાવે હો; મ૦
અચલગઢને દહેરે સફાર, સપ્તધાતુમય બિંબ છે બાર હો. સંઘ૦ ૧૫
સાહમો સાહમા ત્રિભુવનસ્વામી, **ગોડીપાસ** ને **સુવ્રતસ્વામી** હો; મ૦
રંગે તિહાં યાત્રા કીધી, પુણ્યલક્ષ્મી અક્ષય કીધી હો. સંઘ૦ ૧૬
ઉતરતાં એક છે ચૈત્ય, સા **મનીયા**કૃત સુવિહિત હો; મ૦
તિહાં વાંદી અપાસરે આવ્યા, તિહાં ચૈત્ય વાંદી સુખ પાવ્યા હો. સંઘ૦ ૧૭
ફરી આવ્યા દેવલવાડે, સંઘ પૂરે મનને રુહાડે હો; મ૦
કોઈ નવ નવ છંદે નાચે, જિનગુણ સમરી મન માચે હો. સંઘ૦ ૧૮
મૃગનયણી મલી મલી ગાયે, પ્રભુગુણથી દુરિત પલાયે હો; મ૦
કોઇ નેત્ર ભરી ભરી નિરખે, સુદ્ધ દેવપણું તિહાં પરખે હો. સંઘ૦ ૧૯
કોઇ નિજ સ્વરૂપ સંભારે, સુભ નિમિત્તે તેહ સધારે હો; મ૦
ચૈત્યકારક પુણ્ય અનુમોદે, કોઈ ભવતરુકંદ ઉછે [દે] હો. સંઘ૦ ૨૦
દિન પાંચ લગે સુપ્રસિધ્ધ, મનમાની યાત્રા કીધી હો; મ૦
ખાનબહાદુરે મોકલ્યો તેડો, સંઘ આવ્યો તલહટી નેડો હો. સંઘ૦ ૨૧
ઇમ **આબૂ**ની યાત્રા સારી, સંઘવીઇં કરાવી પ્યારી હો; મ૦
સંઘ સહૂકો દિઈ આસીસ, સંઘવીની ચઢતી જગીસ હો. સંઘ૦ ૨૨

**ઢાલ ૮** (દૂહા)

ફાગુણ ચોમાસી તિહાં, પડિકકમિ સંઘ સનુર;
પડવેને દિન પાધરો, સંઘ ચાલ્યો ભરપુર. ૧
**ઢકાપુર ધવલી** તથા, **ભટ્ટાણે** જિનચૈત્ય;
એકેકું વાંદી તિહાં વસ્યા, ચલ્યા પ્રભાતે પવિત્ત. ૨
મજલ કરી કરડી ઘણું, નદી ઉતારા કીધ;
બીજે દીન સંઘ આવીઓ, **પાલણપુર** પ્રસિધ્ધ. ૩
પૂન્ય-હીન લોકનાં, મન ભાંગા તિણે ઠાય;
બાહિર દુષ્કર જલ સુણી, અંતરગત અંતરાય. ૪
શ્રી **પૂન્યસાગર** સૂરીરાય તિમ, શ્રી **જ્ઞાનસાગર** ઉવજ્ઝાય;
ભાવ છતે પાછા વળ્યા, ભાવી બલિઓ ન્યાય. ૫

---

[૧૩] ભવિસંચિ=ભવોભવમાં ભેગાં કરેલાં. [૧૪] ત્યારી=તૈયારી. [૧૫] સફાર=વિશાળ. [૧૮] માચે=આનંદિત થાય. [૧૯] પરખે=પ્રત્યક્ષ કરે-અનુભવે.
**ઢાલ ૮ દૂહા** [૩] મજલ=મુસાફરી. કરડી=આકરી. [૪] ઠાય=સ્થળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોક બહુ પાછા વળ્યા, પૂન્યવંત સજ્જ થાય;
બીજે દીન સંઘ તિહાં થકી, **સિદ્ધપુર** નયરેં જાય. ૬
ચૈત્ય ચ્યાર તિહાં મોટીકાં, બીજાં તેર કહાય;
અનુક્રમે સંઘ આવીઓ, **પાટણ** નયર સુઠાય. ૭

( નણદલની દેશી. )

પુર **પાટણ**માં પાસજી, **પંચાસરો** પ્રસિધ્ધ, સંઘવી ચાલોને;
તે પ્રભુ વાંદીઈ સંઘ સરવે મન કીધ્ધ. ચાલોને થલપતિ ભેટવા. ૧
**તારાચંદ** શેઠજી, આવ્યો પાટણમાંહિ;
મહેતા **પાનાચંદ** હર્ષીઓ, વળી **ઇચ્છાચંદ** ત્યાંહ. સં૦ ૨
બાબીને જઈ વીનવ્યો, સામચીઉ કરે સાર;
ઢોલ નગારાં ગડગડે, મહાજન લોક અપાર. સં૦ ૩
બહુ આદર કરી તેડીઆ, સંઘવી શ્રીસંઘ સાથ;
ઘર ઘર હર્ષ વધામણાં, આજ થયા રે સનાથ. સં૦ ૪
સંઘવી પધાર્યા દેહરે, ભેટયા **પંચાસર પાસ;**
દેહરાં ત્રણ બીજાં તિહાં, પૂજતાં પૂગી આશ. સં૦ ૫
ખરા કોટડીઈ ચ્યાર છે, પોસાલવાડે ત્રિણ જોય;
ત્રાંગડીઈ પાડે એક દેહરો, સાને પાડે દોય. સં૦ ૬
એક ગૌતમ પાડે તથા, દોય સા વાડે જોય;
મહેંતા તંબોલી કુભારને, પાડે ઇક મન આંણિ સં૦ ૭
મરેઠી પાડે નીરખીઇ, દેવલિં ત્રિણ ઉદાર;
સોની વાડે દોય છે, નિરખાંતાં ભવપાર. સં૦ ૮
ચ્યાર દેવલ અતિ સુંદરું, ફોફલી પાડા માંહિ;
ખજૂરી પાડે વચજદ કોટડી, એકેક ચૈત્ય ઉછાહ. સં૦ ૯
ભામે પાડે ભાભો પાસજી, સંઘવીનો તિહાંઈ;
જિનમંદિર દુગ શોભતાં, એક બાંભણવાડો જ્યાંહ. સં૦ ૧૦
ખેતલવસહી પાસજી, પાસે દહેરાં દોય;
અડુવસાને દહેરે, ધાતુમે પ્રભુ જોય. સં૦ ૧૧

---

**ઢાલ ૮** [૧] થલપતિ=સ્થલપતિ–ભૂમિનો સ્વામી–રાજા. જેમ ત્રીજી ઢાળની ૧૫ થી ૩૦ ગાથામાં અમદાવાદની જુદી જુદી પોળોનાં જિનમંદિરો વર્ણવ્યાં છે તેમ આ આઠમી આખી ઢાળમાં પાટણના જુદા જુદા વાડા–પાડાનાં જિનમંદિરો બતાવ્યાં છે. એ રીતે પાટણના ઇતિહાસના અભ્યાસીને આ ઢાળ ખૂબ ઉપયોગી થાય એમ છે. [૧૧] ધાતુમેં ધાતુમય–ધાતુની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ણાસાની પોલમાં, સુંદર દેવલ દીઠ;
ત્રિણ મનોહર એક વલી, લીંબડી પાડેં ગરીઠ. સં૦ ૧૨
મહાલક્ષ્મી ગોદડ તણો, નીસાલનો પાડો જાંણિ;
ચૈત્ય એકેક ધીયા તણેં, દેવલ દોય વખાંણુ. સં.૦ ૧૩
કુતકીઓ મથુરાંદાસનો, વખારનો પાડો જેહ;
મેંહતાને પાડેં વલી, એકેક પ્રણમું તેહ. સં૦ ૧૪
હવે ઢંઢેરવાડેં પેખીઆં, મનોહર દેહરાં ચ્યાર;
વડગુંદીઈ એક ચૈત્ય છેં, કોકાદે પાડેં દોય સાર. સં૦ ૧૫
દકાલ કોટડી એક દીપતું, સાલવી વાડેં આઠ;
મલ્લી પડિં (પાડેં) મલ્લી પાસજી, પૂજા કરો શુભ ઠાઠ. સં૦ ૧૬
ચોખાવટી વીશા તણેં, પાડે દોય ને એક;
લખીયારવાડેં ત્રિણ ભલાં, સેવો ધરીય વિવેક. સં૦ ૧૭
કસૂંબીઈ વાડેં દોય વલી, યોગી એક દીંઠ;
અનુપમ પૂંજીઈ જાંણીઈ, દેવલ દોય ગરીઠ. સં૦ ૧૮
મોદીનો પાડો કલબી તણો, એકેક પ્રભુનું ચૈત્ય;
સર્વ પંચાસી જાંણીઈ, પ્રણમું ભાવ સહીત. સં૦ ૧૯
જિનધર્મી શ્રાવક ઘરેં, પ્રભુદેરાસર સાર;
બસેં સહોત્તેર સેવતાં, પાંમીજે ભવપાર. સં૦ ૨૦
પાટણુ હેઠેં જાણીઇં, રૂપપુર ગામ વિશાલ;
એક જિનમંદીર સેવતાં, ટાલેં ભવ જંજાલ. સં૦ ૨૧
**ચાણસામા** એક દેહરો, પ્રભુ ભટેવો **પાસ**;
ભાવ ભગતિ સ્યું સેવતાં, પહોંચેં મનની આસ. સં૦ ૨૨
ઈણીપરેં **પાટણનયરની**, ચૈત્ય પરીપાટી કીધ્ધ;
લહેંણી કરેં નિજ જ્ઞાતમાં, ખાંડ રૂપઇઓ પ્રસીધ્ધ. સં૦ ૨૩

( ચાલુ )


કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગસુંદર

**ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર**

૧૪"×૧૦" સાઇઝ : આર્ટકાર્ડ ઉપર ત્રિરંગી છપાઇ : સોનેરી ઑર્ડર : મૂલ્ય-**ચાર** આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો જુદો. )

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
જેશિંગભાઈની વાડી : ઘીકાંટા, **અમદાવાદ**.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संस्कृत-प्राकृतमयी "भीमकुमार-कथा"

लेखकः-श्रीमान् डॉ. बनारसीदासजी जैन, M. A., PH. D.
प्रोफेसर, युनिवःसटी ओरियंटल कालिज, लाहौर

वैसे तो सम्यक्त्वसप्ततिवृत्तिमें भीमकुमारकथा पाई जाती है,[1] परंतु जिस रचनाका यहां परिचय कराया जा रहा है, वह इससे भिन्न है और संस्कृत-प्राकृत पद्यमयी है, अर्थात् इसके प्रत्येक पद्यका पूर्वार्ध संस्कृतमें और उत्तरार्ध प्राकृतमें है।[2] स्वतन्त्र रूपसे इस नामकी कोई रचना अभी तक प्रसिद्धिमें नहीं आई। नही इसका नामोल्लेख "जैन ग्रन्थावली" तथा "जैन साहित्यनो संक्षिप्त इतिहास"में मिलता है। अतः इसका प्रकाशन वाञ्छनीय है, क्योंकि यह प्राकृतके अभ्यासियोंको अवश्य लाभदायक होगा जैसा कि नीचे दिये पद्योंसे स्पष्ट होगा।

मुझे इस रचनाकी दो प्रतियां ज्ञात हैं जो पंजाबके पट्टी नगर (ज़िला लाहौर) के भंडारमें विद्यमान हैं।[3] इनमेंसे एक तो काफ़ी प्राचीन है और इसके बहुत से पत्र जीर्ण हो चुके हैं। एक पत्र नष्ट हो गया है। दूसरी प्रति पहलीकी अपेक्षा नवीन है। कई जगह इनका पाठ खण्डित और मद्धम हो गया है। इस रचनामें कुल २५१ पद्य हैं।

इन प्रतियोंके खंडित होनेके कारण इनके आधार पर इस रचनाका संपादन सफलता पूर्वक नहीं किया जा सकता। इस लिये यदि किसी महानुभावको इसकी अन्य प्रतियोंका पता हो, वे चाहे पूर्ण हों या अपूर्ण, तो प्रस्तुत लेखकको सूचना देकर उसे अनुगृहीत करें। हो सके तो प्रतिका वर्णन भेज देवें अन्यथा यह लिखें कि वह प्रति कहां और किसके अधिकार में है। यदि कोई और प्रति मेरे हाथ लगी तो शीघ्र ही इसे प्रकाशित किया जावेगा।

## भीमकुमार कथाके कुछ पद्य

कपिशीर्षकदलकलितं जिनभवनसुकेशरश्रियाश्लिष्टम्।
किंतु जडसंगमुक्कं इहत्थि कमलं व कमलपुरं ॥१॥

---

१. इस सूचनाके लिये मैं आचार्य श्रीमद् विजयवल्लभसूरीश्वरका ऋणी हूं।

२ इस संस्कृतप्राकृत मिश्रणको "गंगाजमनी" भाषा कह सकते हैं। इस प्रकारका संस्कृत और दक्षिणी भाषाओं (मलयालम्, कण्णड) आदिका मिश्रण भी पाया जाता है जिसे "मणि-प्रवालम्" कहते हैं। फ़ारसीहिंदीका मिश्रण अमीर खुसरौने किया। इसे "रेख़ता" कहते हैं। अरबीफ़ारसीके मिश्रणके भी उदाहरण मिलते हैं।

३. "अ कैटेलॉग ऑव मैन्युस्क्रिप्ट्स् इन दि पंजाब जैन भंडारस्", लाहौर, सन् १९३९। पृ. ८२। पुस्तक नं. १९९४-५। इन दोनों प्रतियोंमें कर्ताका नाम, रचना तथा लिपिकाल नहीं दिये गये।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तत्राभवदरिपार्थिवकरटिघटाविघटनप्रकटवीर्यः ।
ण य काणणकयवासो हव्व हरिवाहणो राया ॥२॥
प्राणेशा तस्य बभूव मालती मालतीव सुरभिशीला ।
निस्सीमअभीमपरोवयारसारो सुओ भीमो ॥३॥
अतिशुद्धबुद्धिबुद्धिलमन्त्रिसुतः प्रेमवारिनिधिः ।
भीमकुमरस्स जाओ वरमित्तो बुद्धिमयरहरो ॥४॥
अन्येद्युः सवयस्यः प्रशस्यविनयो नयोद्बलः स्वगृहात् ।
कुमरो पभायसमए संपत्तो रायपयमूले ॥५॥
अनमन्नृपपदकमलं तेन निजाङ्के क्षणं परिष्वज्य ।
संठविओ पच्छा पुण उवविट्ठो उचियठाणंमि ॥६॥
नरनाथचरणयुगलं सप्रणयं निजकमङ्कमारोप्य ।
संवाहइ गयवाहं नीलुप्पलकोमलकरेहिं ॥७॥
भक्तिभरनिर्भराङ्गः शृणोति जनकस्य शासनं यावत् ।
उज्जाणपालगेणं ता विन्नत्तो निवो एवं ॥८॥
देव नृपदेववन्दितपदारविन्दोऽरविन्दमुनिराजः ।
भूरिविणेयसमेओ पत्तो कुसुमागरुज्जाणे ॥९॥
तच्छ्रुत्वा भूभर्ता दत्त्वा दानं महन्मुदा तस्मै ।
बहुमंतिकुमारजुओ पत्तो गुरुचरणनमणत्थं ॥१०॥
विधिना व्रतिततिसहितं यतिपतिमभिवन्द्य नृपतिरासीनः ।
दुंदुभि—उद्दामसरं गुरू वि एवं कहइ धम्मं ॥११॥

( इसके आगे बारह संस्कृत पद्योंमें धर्मोपदेश है । )

इति गुरुवचनं श्रुत्वा नरनाथः प्रमुदितः सुतादियुतः ।
गिण्हइ गिहत्थधम्मं सम्मं सम्मत्तसंजुत्तं ॥२४॥
शमिनां स्वामिनमानम्य मेदिनीशो जगाम निजधाम ।
भवियजणबोहणत्थं गुरू वि अन्नत्थ विहरेइ ॥२५॥
आसन्नासीनसखं निजभवनस्थं कुमारमन्येद्युः ।
सूरिगुणे वन्नंतं नमिउं विन्नवइ इयवित्ती ॥२६॥
देव नररुण्डमालाकलितः कापालिको बलिष्ठाङ्गः ।
तुह दंसणमीहेइ तो कुमरेणं मुंच इय भणिए ॥२७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेनासौ परिमुक्तो दत्त्वाशीर्वादमुचितमासीनः ।
पत्थावं लहिय भणइ य देहि मह कुमर भत्तिरहं ॥२८॥
तदनु भ्रूक्षेपवशाद् दूरस्थे परिजने जगौ जोगी ।
भुवणक्खोहिणि नामा कुमर मह अत्थि वरविज्जा ॥२९॥
तस्याश्च पूर्वसेवां द्वादश वर्षाण्यकार्षमधुना तु ।
तं कसिण चउद्दिसि दिणे साहियमिच्छामि पेयवणे ॥३०॥
उत्तरसाधकभावं त्वं देहि विधेहि मे श्रमं सफलम् ।
आमं ति भणइ कुमरो परोवयरिक्करसियमणो ॥३१॥

इस प्रकार भीमकुमारको जोगी अपना उत्तरसाधक बनाकर श्मशानभूमिमें ले गया । वह चाहता था कि कुमार का सिर काटकर देवीको भेंट चढ़ा दे, लेकिन कुमार बच निकला । अपने पराक्रमसे लोगों पर उपकार करता हुआ अन्तमें अपने नगरको वापिस आगया । यहां अपने पिताके स्थानमें राज्य करने लगा । अन्तमें दीक्षा लेकर मोक्ष पहुंचा ।

### अन्तिम पद्य

अन्येद्युर्भवकारागादुद्विग्नमानस.... ...............
............(गि)ण्हिय दिक्खं भीमो गओ मुक्खं ॥२५१॥

**लाहोर, संवत्सरी २०००**

# ગિરનારનો જીર્ણોદ્ધાર

**[ગિરનાર ઉપરનાં જિનમંદિરોના જીર્ણોદ્ધારની કથા]**

(ગતાંકથી પૂર્ણ)

## [૫] જીર્ણોદ્ધારની ઘોષણા

સૌરાષ્ટ્રમાં કુવા, વાવ કે તળાવોની ખોટ ન્હોતી રહી. પ્રજા સમૃદ્ધ બની હતી. દેવમંદિરોના ઘંટાનાદથી ધર્મના વિજયનાદની જાણે ગર્જનાઓ થવા લાગી. સજ્જન મહેતાએ જાણે પ્રજાના દેહમાં પ્રાણ પૂર્યા. દેવમંદિરો દીપાવ્યાં. હવે તેની નજર ગિરિદુર્ગ ઉપર ગઇ.

કૌમુદી મહોત્સવ-કાર્તિકી પૂર્ણિમાનો દિવસ હતો. સોરઠની પ્રજા ગિરિદુર્ગ ઉપર યાત્રાએ આવી હતી. ત્રણ દિવસનો ઉત્સવ હતો. આખો ગિરિદુર્ગ જાણે હસી ઊઠયો હતો. માનવમેદની માતી ન્હોતી. ગિરિદુર્ગ સૌરાષ્ટ્રનું નાક હતો. પોતાનાં ગગનચુમ્બી શિખરોથી જાણે જગતનો પારદૃષ્ટા બનવા મથતો કોઈ માનવી યોગાનસન જમાવી બેઠો હોય તેવો અટલઅચલ આ ગિરિદુર્ગ શોભી રહ્યો હતો. ગિરિદુર્ગના પત્થરે પત્થર પ્રાચીનતાના અવશેષ રૂપ હતા. સુંદર વનરાજીથી શોભતો, અનેક વનસ્પતિઓથી ભરપૂર, ખળખળ વહેતાં ઝરણોથી ઓપતો એ ગિરિદુર્ગ સૌરાષ્ટ્રનો અજેય કિલ્લો હતો. સૌરાષ્ટ્રની શોભા, કીર્તિ અને યશના પ્રતીક સમા આ ગિરિદુર્ગ માટે દરેક સૌરાષ્ટ્રીને અભિમાન હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગિરિદુર્ગ ઉપર અનેક જિનમંદિરોની ધ્વજાઓ ફરકી રહી હતી. તેની ઘંટડીઓના મધુરા નાદથી સંગીતનો અપૂર્વ ધ્વનિ નીકળતો હતો. જાણે કોઈ ગાંધર્વ સંગીતનો પાઠ પઢાવવા આવ્યો હોય એવો મધુર નાદ હતો. દર્શને આવનાર બધા ભાવુકોએ ગિરિદુર્ગના નાથ નેમિજિનનાં દર્શ કર્યાં.

વખત થતાં રાજમંડલી આવી. સજ્જન મહેતા બધાયથી આગળ દેવમંદિરમાં આવ્યા. પોતાનો વૈભવ અને ઠાઠ બહાર મૂકી મંદિરમાં જઈ ખૂબ પ્રેમ અને ભક્તિથી ત્રિભુવનપતિ નેમિજિનને તે નમ્યા. આખું રાજમંડલ ભક્તિથી નમ્યું. સ્તવન ગાયાં. જાણે દેવતા પ્રસન્ન થયા હોય તેમ જનતા-જનાર્દન પણ ખૂબ જ ભક્તિથી નાચી ઊઠયો. અરે, માનવો જ નહિ, પક્ષીઓ પણ કલકલાટ કરી ઊઠયાં. દર્શન કરી મહેતાજી પાછા વળ્યા પણ તેમનું મન ઉદાસ હતું. સાથેના બધાયને આશ્ચર્ય થયું કે આ ધર્મમૂર્તિ મહેતાજી પ્રસન્ન થવાને બદલે કેમ ઉદાસ થયા? શું થયું? મહેતાજી જેમ જેમ ખૂબ બારીકાઇથી મંદિરો જોતા ગયા તેમ તેમ તેમની ઉદાસીનતા વધતી ચાલી. છેવટે નગરશેઠે પૂછયું-મહેતાજી, આ હર્ષ અને ખુશીના સ્થાને ચિંતા અને ઉદાસીનતા કેમ ?

મહેતાજીએ કહ્યું: આ મંદિરો કેવાં જીર્ણ થયાં છે? તેની સંભાળ કેમ કોઈ લેતું નથી? અરે, આખા સોરાષ્ટ્રની કીર્તિના પ્રતીકસમો આ ગિરિદુર્ગ અને તેનાં મંદિરો આવાં જીર્ણ? એ કેમ શોભે? બધાય આ સાંભળીને ચમકયા. તેટલામાં એક અવાજ આવ્યો: ખેંગાર હોત તો આજે આ મંદિરો દેવભુવન બની જાત. વિદેશી શાસકોને એની શું પડી છે? એ તો તીજોરી ભરી જાણે! મહેતાજીને થયું: મારુ બધું કર્યું કારવ્યું અને આટલા વર્ષોના મહેનત ક્ષણવારમાં ધૂળ મળશે. મહતાએ સમય પારખ્યો. પોતાની મહત્તાને માપી, પ્રજાના વિશ્વાસને જોયો ને તે બોલી ઊઠયાઃ ગિારદુર્ગના સમસ્ત મંદિરોનો જીર્ણોદ્ધાર મહારાજા સિદ્ધરાજ કરાવશે. આવતી કાલથી જ કામ શરૂ થઈ જશે. એક પણ મંદિર એક પણ શિખર જીર્ણોદ્ધાર વિનાનું નહિ રહે. એમ ન સમજશો, કે આ રાજ્ય પરાયું છે એ તમારૂં જ છે, મહારાજા સિદ્ધરાજ તમારા જ રાજા છે, કોઈ વિદેશી નથી. આ સાંભળી આખી પ્રજાએ હર્ષનાદ કર્યો, ત્રિલોકપતિ નેમિજીનની જય બોલાવી, મહારાજા સિદ્ધરાજની જય બોલાવી અને છેલ્લે સજ્જન મહેતાની જય! મહેતાજીએ કહ્યું: હવે આપણું કામ શરૂ થવું જોઈએ. અને એક દિવસ આખો ગિરિદુર્ગ જીર્ણોદ્ધારના કાર્યથી ગાજી ઊઠયો.

જીર્ણોદ્ધારનું કામ ધમધોકાર શરૂ થયું. હજારો માણસો કામે લાગ્યાં. મકરાણાથી આરસ આવ્યો, પાટણથી કુશલ શિલ્પીઓ આવ્યા, અને થોડાં વર્ષમાં કરોડો રૂપિયા ખર્ચી ઇન્દ્રભુવન જેવાં વિશાલ ગગનચુમ્બી મંદિરો તૈયાર થયાં. સુંદર આરસપહાણનાં આ મંદિરોએ તો સૌરાષ્ટ્રની પ્રજાને ઘેલી બનાવી. પુન, ત્રણ વર્ષે કૌમુદી મહોત્સવ થયો ત્યારે પ્રજાએ જોયું કે ના ના, આ તો રા'ખેંગારથીયે વધી જાય તેવો રાજા આપણા ઉપર રાજ્ય કરે છે.

શુભ મુહૂર્તે મંદિરોની પ્રતિષ્ઠા થઇ. મંદિરો ધ્વજાદંડ અને સુવર્ણ કલશોથી દીપવા લાગ્યાં.

## [૫] સજ્જન મહેતાની મુંઝવણ

એક વખત પાટણમાં રાજભંડારીએ મહારાજા સિદ્ધરાજને ફરિયાદ કરી કે-" છેલ્લાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડાં વર્ષોથી સૌરાષ્ટ્રમાંથી ઉપજ નથી આવી. પહેલાં કરોડોની ઉપજ આવતી તે કેમ રોકાઈ ગઈ? મહારાજાએ તપાસ કરાવી, પણ જીર્ણદુર્ગથી કાંઈ જવાબ જ ન આવ્યો. સજ્જન મહેતાને પાટણ જવાનાં તેડાં આવ્યાં, પણ મહેતાએ એ વાત પણ ટાળી દીધી. અને મહારાજાને કહેવરાવ્યું કે ઉપજ લેવા, સૌરાષ્ટ્ર જોવા, ગિરિદુર્ગનાં દર્શન કરવા અને ત્રિભુવનપતિ નેમિજિનને ભેટવા આપ સ્વયં પધારો એટલે બધું આપની પાસે હાજર થશે.

સજ્જન મહેતાને થયું કે હવે મહારાજા જરૂર આવશે, અને સૌરાષ્ટ્રની ઉપજ તો બધી ગિરિદુર્ગ ઉપર દેવમંદિરોમાં વપરાઇ ગઈ છે. રાજાઓ તો ધન પ્રિય હોય છે. એટલે તે મારું કામ નહિ જુએ, પણ ધનની માંગણી કરશે. તેથી મારે બધું સાધન તૈયાર જ રાખવું જોઇએ. બહુ વિચારીને અંતે તેની નજર વણસ્થલી ઉપર ઠરી. ત્યાંનું મહાજન સાધનસંપન્ન અને ધર્મપ્રિય છે. વળી મેં આ દ્રવ્ય કયાં મારા માટે ખર્ચ્યું છે? આ પણ ધર્મનું જ કામ છે ને? પ્રજામાં કેટલું પાણી છે તે પણ માપી જોવું જોઇએ. એમ વિચારી વનસ્થલી આવી મહેતાજીએ મહાજન ભેગું કર્યું. મહાજને મહેતાજીને ખૂબ માન આપ્યું. અને ગિરિદુર્ગનાં મંદિરના જીર્ણોદ્ધાર માટે તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો. મહેતાજીએ જવાબ આપી પોતે પોતાની ફરજ સિવાય કાંઇ જ નથી કર્યું એમ કહ્યું. પછી હળવેક દઇને વાત મૂકી કે–" ભાઈઓ, રાજાને ધન જોઇએ છે. ઉપજ તો બધી જીર્ણોદ્ધારમાં ખર્ચાઇ છે. જરૂર પડશે તો તમારે તમારા ધનભંડારો ઉઘાડવા પડશે." આ સાંભળતાં જ શેઠીયા ચમકયા, અને એક બીજાનાં મોઢાં જોવા લાગ્યા. હવે શું થશે? આટલું ધન કોણ આપશે? કયાંથી આપશે? એમ સૌ વિચારતા હતા ત્યાંતો વિનમ્ર અને સજ્જનતાની મૂર્તિસરખો એક શેઠીયો ઊઠયો. તેના ભાલ ઉપર કેસરનું તિલક શોભતું હતું, અને મોઢું હસુ હસુ થઈ રહ્યું હતું. સૌ શેઠની સામે જોઈ રહ્યા. અલ્યા આ કોણ? કોઇ કે કહ્યું–આ તો સાકરચંદ શેઠ–હમણાં જ અહીં પેઢી ઉઘાડી છે તે. ત્યાં તો કોઈક ઓળખીતાએ કહ્યું: શેઠ જેટલી સોડ તેટલા પગ પહોળા કરજો. ત્યાં વળી બીજો બોલ્યો: ભાઇ ગભરાવ મા, એ તો ડાહી માનો દીકરો છે. ખંભાત અને ભૃગુકચ્છ, મંગલપુર અને જીર્ણદુર્ગમાં તેમની પેઢીઓ ચાલે છે. હમણાં અહીં રહેવા આવ્યા છે. ધનનો ટોટો નથી. લક્ષ્મીજી પ્રસન્ન છે. ધર્માવતાર છે. દાનમાં કર્ણને યાદ કરાવે તેવા છે.

સાકરચંદ શેઠે મ્હેતાજીને પૂછ્યું : કેટલું દ્રવ્ય જોઇશે? આ સેવક જેટલું જોઈએ તેટલું આપવા તૈયાર છે. આ શેઠીયાઓએ તો ઘણું ખર્ચ્યું છે. આ લાભ આ સેવકને મલવો જોઈએ. શેઠની નમ્રતા અને વિનયે બધાયને ચૂપ કર્યા. તેમની સાદાઈ, ધીરજ અને ડહાપણ જોઇ બધા પ્રસન્ન થયા. મહાજન પાસે વાત મુકાઇ. મહાજને સાકરચંદને આદેશ આપ્યો કે મ્હેતાજી જેટલું દ્રવ્ય જીર્ણોદ્ધાર માટે માગે તેટલું તમારે આપવું. પછી બધાય શેઠની પ્રશંસા કરતા વીખરાયા.

શેઠે મહેતાજીને કહ્યું: આપ મારે ત્યાં પધારો અને જે જોઇએ તે લઈ જાઓ. શેઠે ત્યાં જ આઠ કરોડનાં આઠ રત્ન બતાવ્યાં. આ તો અહીં લાવ્યો છું. બાકી જે જોઇએ તે હું આપવા તૈયાર છું. અને મ્હેતાજી શેઠની નમ્રતા અને ઉદારતા જોઈ પ્રસન્ન થયા. ધન્ય છે એની જનેતાને, ધન્ય છે સૌરાષ્ટ્રની ભૂમીને, જેમાં આવા નરરત્નો પાકે છે. મ્હેતાજીએ શેઠને કહ્યું: તમે હમણાં આ લઈ જાઓ. જરૂર પડશે ત્યારે મંગાવીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## [૬] મહારાજા સિદ્ધરાજનું આગમન

વર્ષો વીત્યાં અને સૌરાષ્ટ્રની ઉપજ ન આવી એટલે સજ્જન મહેતાના તેડયા મહારાજા સિદ્ધરાજ જયસિંહે સૌરાષ્ટ્રની ભૂમી ઉપર પોતાના કટક સાથે આવવાની તૈયારી કરી. મોટી સેના સાથે તેઓ સોરાષ્ટ્રમાં આવ્યા. તેમણે તો અનેક તર્કવિતર્ક કર્યા હતા. પણ પ્રજા આનંદિત અને સુખી હતી, રાજ્યવ્યવસ્થા બરાબર ચાલતી હતી. માર્ગમાં મહેતાજીના વહીવટની કુશળતા, અને ન્યાયપ્રિયતાનાં વખાણ સાંભળતા સાંભળતાં મહારાજા જીર્ણદુર્ગ આવી પહોંચ્યા.

સજ્જન મહેતાએ પોતાના રાજવીનું અપૂર્વ સ્વાગત કર્યું. રાજાની ધીરજની હવે સીમા આવી ગઇ હતી. હવે ક્યારે રાજમહેલે જાઉં, મહેતાજીનો જવાબ લઉં અને તેમને દંડ કરૂં, એમ વિચાર કરતા ગુર્જરેશ રાજમહેલમાં પધાર્યા, અને બધો બાહ્ય વિધિ પતી ગયા પછી તેમણે દંડનાયક સજ્જન મહેતાને પૂછ્યુંઃ

રાજા—મહેતાજી, કેમ કાંઈ જવાબ જ નથી. આપણો રાજભંડાર ક્યાં છે?

મહેતાજી—બાપુ, બધું તૈયાર જ છે. આટલાં વર્ષોનું ધન અહીં તો સચવાય નહીં એટલે ગિરિદુર્ગ ઉપર ભોંયરામાં સાચવી રાખ્યું છે. ત્યાં જબરજસ્ત ચોકી પહેરો છે. કદી કોઇ લૂંટી શકે નહીં, કદી ખરાબ થાય નહીં, તેમજ કદી ખૂટે નહીં એવા સ્થાને સાચવી રાખ્યું છે. બાપુ, કાલે સ્હવારે આપણે બધાય ગિરિદુર્ગ ઉપર જઈએ. ત્યાં હું આપને એ બતાવીશ. આ સાંભળી મહારાજા પ્રસન્ન થયા.

## [૭] સજ્જન મહેતાનો જય.

વસંત ઋતુની શરૂઆત હતી, પ્રાતઃકાળનો શાંત સમય હતો, મંદ મંદ પવન વાતો હતો. ગિરિદુર્ગ ઉપર આજે ઉત્સવ હતો. ગુર્જરેશ બર્બરકજેતા સિદ્ધરાજ જયસિંહ પોતાની વિપુલ સેના સાથે ઉપર ચઢવાનો હતો. આજુબાજુનાં ગામડાંમાંથી ઘણાં માણસો પોતાના દેવ જેવા રાજવીના દર્શને આવ્યાં હતાં. સૌરાષ્ટ્ર જીત્યા પછી મહારાજાની આ બીજી મુલાકાત હતી. પહેલી વખતે તો એ વિજેતા બની આવ્યો હતો. અને તેનામાં વિજેતાનો કેફ હતો. પણ આજે એ બધું બદલાઇ ગયું હતું. સજ્જન મહેતાએ પ્રજાના માનસમાં પલટો આણ્યો હતો. નાનાં નાનાં રાજ્યો કરતાં એક વિશાલ સામ્રાજ્યના આપણે બધા અંગો છીએ, એક વિશાલ કુટુંબના કુટુંમ્બીઓ છીએ, એવી ભાવના પ્રગટાવી હતી. સિદ્ધરાજ પણ આ વસ્તુ સમજ્યો હતો, તે પણ સૌરાષ્ટ્રની શૂરવીર અને વાત્સલ્યવાળી પ્રજાને, એક વિજેતા તરીકે નહીં પણ કુટુમ્બી તરીકે મળવા આવ્યો હતો. આ વાસંતી મેળામાં આખું સૌરાષ્ટ્ર ઉભરાયું હતું. રાજા બધું જોતો જોતો ઉપર ચઢી રહ્યો હતો. લીલીછમ વનરાજીથી વિરાજિત, ઝરણાંના કલકલ નિનાદથી ગર્જિત અને માનવ મેદનીથી પરિપૂરિત ગિરિદુર્ગ જોઈ તેની છાતી હર્ષથી નાચી ઉઠી. મનમાં ને મનમાં એણે ઉચ્ચાર્યુંઃ ધન્ય, સજ્જન મહેતા; ધન્ય! તેં તો આખું સોરઠ પોતાનું કરી લીધું. આજે તું ધારે તે કરી શકે તેમ છો. પણ તારાં વિનય, નમ્રતા, પ્રજાપ્રેમ, સુશીલતા, દાક્ષિણ્ય, ઉદારતા અને સહૃદયતા જોઇ મને એમ થાય છે કે તેં સોરઠની ઉપજ સાચવી રાખી જ હશે. ખેર, આ નિમિત્તે મને સોરઠની શૂરવીર પ્રજાના હૃદયનું દર્શન થયું. આમ રાજા વિચારી રહ્યો છે ત્યાં તો દૂરથી ગગનચુમ્બી શિખર અને ધ્વજા દેખાયાં. રાજાને આશ્ચર્ય થયું. શું અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવું વિશાળ મંદિર છે! આ શિખર તો જાણે વાદળો સાથે અથડાય છે. અરે, સૂર્યદેવનો રથ પણ અથડાય એવું ઊંચું આ શિખર છે. ત્યાં તો ધ્વજાઓના ફડફડાટ અને ઘુઘરીઓના નાદ સંભળાયા. રાજાને આશ્ચર્ય થયું, પહેલાં પોતે આવેલો ત્યારે આવાં ધવલ શિખરો, ધ્વજાદંડો અને ધ્વજાઓ ન્હાતી. આટલાં થોડાં વર્ષોમાં આ મંદિરો કોણે બંધાવ્યાં હશે! રાજાની વિચારધારા અટકી અને રાજાએ સજ્જન મહેતાને પૂછ્યું: મહેતાજી, આ મંદિરો કોનાં છે? એ કોણે બંધાવ્યાં અને ક્યારે બંધાવ્યાં?

મ્હેતાજી—બાપુ, આ જૈન મંદિરો છે. હમણાં જ બંધાવ્યાં છે.

રાજા—પણ કોણે બંધાવ્યાં? ધન્ય છે આ મંદિરો બંધાવનાર ધર્માત્માને અને ધન્ય છે તેમની જનેતાને કે જેમના સુપુત્રોએ આવાં સુંદર મંદિરો બંધાવ્યાં.

સજ્જન—બાપુ, ધન્ય છે માતા મીનલદેવીને કે જેના સુપુત્રે આવાં મંદિરો બંધાવ્યાં.

રાજા—કેમ મ્હેતાજી આમ બોલો છો? મને તો ખબરે નથી કે આ મંદિરો કોણે બંધાવ્યાં! પણ મને એમ તો થાય છે કે જેમણે આ મંદિરો બંધાવ્યાં છે તેમણે મહાન્ પુણ્ય ઉપાર્જ્યું છે.

સજ્જન—બાપુ, આપનું ધન મેં અહીં જ જમા કર્યું છે. સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઉપજ અહીં જ એકઠી કરી છે. કદી કોઇ લૂંટે નહિં, કદી ક્યાંય જાય નહી, અને તેનું ફળ સદાય આ લોક અને પરલોકમાં આપને મળ્યા કરે.

રાજા—શું કહો છો! સૌરાષ્ટ્રની ઉપજ આ મંદિરોમાં ખર્ચી છે?

સજ્જન—હા બાપુ. હવે હું આપને વિનમ્ર ભાવે પૂછું છું કે આપને આ મંદિરોનું પુણ્ય જોઇએ છે કે ઉપજ? જો પુણ્ય જોઇતું હોય તો તે અને ઉપજ જ જોઇએ તો તે પણ આપવા હું તૈયાર છું. આપનું દિલ દુઃખાવીને કે રાજ્યનું અહિત કરીને મ્હારે રાજી નથી થવું.

સિદ્ધરાજ—મહેતાજી, ધન્ય છે તમારી હિમ્મતને, તમારા ધર્મપ્રેમને, અને રાજ્ય-પ્રેમને! આ મ્હારું ધન જે ખર્ચાયાનું કહો છો તે વાસ્તવિક રીતે મ્હારું નથી જ. સૌરાષ્ટ્રનું જ ધન સૌરાષ્ટ્રના પુણ્યના કાર્યમાં અને સૌરાષ્ટ્રની શોભામાં વપરાય એમાં જ આપણી મહત્તા અને શોભા છે.મહારાજાના આ ઉદ્‌ગારો સાંભળી મ્હેતાજી અને પ્રજાજનો હર્ષિત થયા. ધન્ય રાજવી અને ધન્ય તેનો ધર્મ અને પ્રજાપ્રેમ!

રાજા આ પુણ્યકાર્યથી કૃતકૃત્ય થયો. તેણે જાણે રાણકદેવી માટે કરેલ અત્યાચારનું આ પુણ્યગંગામાં સ્નાન કરી પ્રાયશ્ચિત્ત કર્યું. આ વખતે એક કવિએ કહ્યું—

"ઘણા મ જણીશ કામિની, સિંહણ એક જ જાય;
આવે નહિ કો ઢુંકડો, પશુ નર નાગ પુલાય."

સિદ્ધરાજે આ સાંભળ્યું, સજ્જન મહેતાએ સાંભળ્યું અને કવિરાજને ઇનામ આપી દેવભુવન જેવાં મંદિરોમાં જઈ જિનવરેંદ્રને ભક્તિથી નમસ્કાર કર્યા.

## [૮] સોનું અને સુગંધ

ગિરિદુર્ગ ઉપરનાં જિનમંદિરોના જીર્ણોદ્ધારની આ કથા ઘેર ઘેર ગવાવા લાગી. કોઇ કે સજ્જન મહેતાની હિમ્મતને અને ધૈર્યને, અને કોઈ કે સિદ્ધરાજની ઉદાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાને અને ધર્મપ્રિયતાને પ્રશંસી. પરન્તુ સાકરીયા શેઠ–સકરચંદ શેઠની તો બધાયે તારીફ કરી. સજ્જન મહેતાએ સિદ્ધરાજની પાસે આખી ઘટનાનો ખુલાસો કરતાં કહ્યું–

બાપુ, આપ તો ઉપજ લેવા આવ્યા હતા. આ શેઠે પોતાની તિજોરી એને માટે ઉઘાડી રાખી હતી. મને હિમ્મત અને શક્તિ આ શેઠે જ આપી હતી. સિદ્ધરાજે સાકરચંદ શેઠને બોલાવ્યા. તેમનો સત્કાર કરી નગરશેઠાઈ સોંપી અને કહ્યુઃ તમારા જેવા દાનવીરો અને ધર્મવીરો આ સૌરાષ્ટ્રમાં વસે છે એ જાણી મને ઘણો આનંદ થયો છે.

સિદ્ધરાજના ગયા પછી એક વાર સાકરચંદ શેઠ પેલાં રત્નો લઈ સજ્જન મહેતા પાસે આવ્યા અને કહ્યુંઃ આ રત્નો મેં તમને જીર્ણોદ્ધાર માટે અર્પણ કર્યાં હતાં તે રાખો.

મહેતાજી—શેઠજી, એ તો જરૂર પડે તો લેવાનાં હતાં. હવે એનો ખપ નથી.

શેઠજી—મહેતાજી, એ તો મેં શુભ કાર્યમાં આપી દીધાં જ સમજો. આપેલું દાન પાછું ન રખાય. લ્યો આ રત્નો જ્યાં તમને ઠીક લાગે ત્યાં ધર્મકાર્યમાં વાપરજો.

મહેતાજી—શેઠજી, ખરે વખતે તમે મારી લાજ રાખી એ જ બસ છે. હવે મ્હારે એની જરૂર નથી.

શેઠજી—જીર્ણોદ્ધારમાં નહીં તો બીજા જિનમંદિરના કાર્યમાં આ રત્નોનો ઉપયોગ કરજો. સંકલ્પ કરેલું દ્રવ્ય મારાથી તો ન જ રખાય.

આખરે મહેતાજી શેઠના આગ્રહ પાસે નમ્યા. એ રત્નો લઇ બાલબ્રહ્મચારી શ્રીનેમિથજીનો સુંદર રત્નહાર બનાવી પ્રભુજીના ગળામાં પહેરાવ્યો.

રત્નોનું તેજ અને ચળકાટ આખા જિનમંદિરમાં પ્રસરી જતાં. રાત્રે પણ દિવસનું ભાન કરાવે તેવાં પ્રકાશકિરણો ફેલાતાં. જાણે એ રત્નો સાંકળચંદ શેઠની, સજ્જન મહેતાની અને સિદ્ધરાજ જયસિંહની યશોગાથા ગાઈ રહ્યાં હતાં. શેઠની દાનવીરતા જોઈ એક કવિએ મુક્તકંઠે ગાયુંઃ

> शतेषु जायते शूरः सहस्रेषु च पंडितः ।
> वक्ता शतसहस्रेषु, दाता भवति वा न वा ॥

ઈતિહાસકારોએ ગિરિદુર્ગના જીર્ણોદ્ધાર માટે આ ત્રિપુટીનાં યશોગાન ગાયાં છે, એટલે લેખક પણ એમાં જ સૂર પુરાવી વિરમે છે. N.

## ખુલાસો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ગયા અંકમાં પરમ પૂજ્ય મુનિમહારાજ શ્રી કનકવિજયજી મહારાજનો 'અન્તિમ આરાધનાના પ્રકારો' શીર્ષક લેખ છપાયો છે તે સંબંધી ભાવનગરથી શેઠ શ્રી કુંવરજી આણંદજીએ એક ખુલાસો અમને લખી જણાવ્યો છે તે આ પ્રમાણે છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત 'પુણ્યપ્રકાશનું સ્તવન' એ તેમની સ્વતંત્ર કૃતિ નથી, પણ 'આરાધનાપયન્ના'નું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર છે. એટલે તે બન્ને કૃતિઓ સ્વતંત્ર નથી, ફક્ત આરાધના પયન્નો જ સ્વતંત્ર કૃતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્ય શ્રીવિજયધરણેન્દ્રસૂરિનો સં. ૧૯૨૩નો ક્ષેત્રાદેશ પટ્ટક

[સંપાદક–શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.]

જૈન સાધુસમાજમાં ગચ્છાધિપતિ આચાર્યો તરફથી પોતાના સાધુઓને જે તે વર્ષમાં અમુક સ્થળે ચાતુર્માસ કરવાની આજ્ઞા કરતા ક્ષેત્રાદેશપટ્ટકો બહાર પાડવામાં આવતા એ જાણીતું છે. આવા ક્ષેત્રાદેશપટ્ટકોમાંથી સાધુઓ વિષે તથા–એ પટ્ટકો વિશેષતઃ જૂનાં હોય તો–ભૌગોલિક સ્થાનો વિષે પણ ઘણી જાણવા જેવી માહિતી મળે છે. શ્રીજિનવિજયજીએ અગાઉ "જૈન સાહિત્ય સંશોધક" ત્રૈમાસિકમાં કેટલાક પટ્ટકો છપાવેલા છે.

આ સાથે આચાર્ય શ્રીવિજયધરણેન્દ્રસૂરિનો સં. ૧૯૨૩ નો એક ક્ષેત્રાદેશપટ્ટક રજુ કર્યો છે. મૂળ પટ્ટક મને પાટણમાં મુનિ શ્રી જશવિજયજી પાસે કેટલાંક વર્ષ ઉપર જોવા મળેલો. મૂળ ઉપરથી તા. ૮–૫–૧૯૩૧ના રોજ કરેલી નકલ અહીં પ્રસિદ્ધ કરી છે.

આવા અન્ય ક્ષેત્રાદેશપટ્ટકો જેમની પાસે હોય તેઓ જો તે પ્રકાશમાં મૂકે તો જૈન ઇતિહાસને લગતી કેટલીક ઝીણી છતાંયે અગત્યની હકીકતો પ્રકાશમાં આવે.

**सही**

॥एर्द॥ॐ नत्वा । भ । श्री श्री विजयदेवेंद्रसूरीश्वरजी     સં. ૧૯૨૩ના વર્ષે
परमगुरुभ्यो नमः ॥     શ્રી ગુર્જર દેશે
भ । श्री श्री विजयधरणेंद्रसूरिभिर्य्येष्टस्थित्यादेशपट्टको लिख्यते ॥

| [સાધુનું નામ]* | | [સ્થિતિનો દેશ] |
|---|---|---|
| पं. मोतिविजय ग । | श्रीश्रीजीसपरिकरा | श्रीलघुमरुदेशे |
| ઉ. સુજ્ઞાનવિજય ગ૦ | પં. સુવધિ સ૦ | વડોદરે ૧ |
| પં. જ્ઞાનવિજય ગ૦ | પં. રત્ન સ૦ | અસ્મત્પાર્શ્વે ૧ |
| પં. સોભાગ્યવિજય ગ૦ | પં. અમી સ૦ | રાજનગરમધ્યે ૧ |
| પં. રંગવિજય ગ૦ | પં. વીર સ૦ | રાજનગરમધ્યે ૧ |
| પં. નવલવિજય ગ૦ | પં. નરોત્તમ સ૦ | +સુરત ૧, નવસારી ૨, ધણદેવી ૩, સોવનગઢ ૪. |
| પં. હિતવિજય ગ૦ | પં. અમર સ૦ | |
| પં. સુમતિવિજય ગ૦ | પં. ધીર સ૦ | ખંભાયત ૧ |
| પં. ગુલાબવિજય ગ૦ | પં. ખુસાલ સ૦ | રાજનગર ૧, સરખેદ ૨, ધોલકો ૩, કોઠ ૪, ગોધાવી ૫. |
| પં. રત્નવિજય ગ૦ | પં. ગુલાબ સ૦ | |
| પં. રૂપવિજય ગ૦ | પં. રત્ન સ૦ | અસ્મત્પાર્શ્વે ૧ |
| પં. ભગવાનવિજય ગ૦ | પં. ગુલાબ સ૦ | — |
| પં. રંગવિજય ગ૦ | પં. હીર સ૦ | ગઢ, મઢાણા |
| પં. મોતીવિજય ગ૦ | પં. તેજ સ૦ | થરા, જામપુર |

* મોટા કૌંસમાંના શબ્દો મારા છે.

+ મૂળમાં લખાણ આ પ્રમાણે કૌંસ પાડીને નથી પણ સીધી લીટીમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પં. લાલવિજય ગ૦<br>પં. કલ્યાણવિજય ગ૦ | પં. રૂપ સ૦<br>પં. અમૃત સ૦ | પાષલ, ધધાણા, કમોઈ, દસાડા. |
| પં. વિનયકુશલ ગ૦<br>પં. ચતુરકુશલ ગ૦ | પં. કુંવર સ૦<br>પં. લક્ષ્મી સ૦ | રાનેર |
| પં. કલ્યાણકુશલ ગ૦ | પં. દોલત સ૦ | દમણ, બુહારી, વાલોલ, ઓડપાડ. |
| પં. દીપવિજય ગ૦ | પં. કૃષ્ણ સ૦ | અકલેસર |
| પં. ઉત્તમવિજય ગ૦<br>પં. સુખાવજય ગ૦ | પં. વલ્લભ સ૦<br>પં. અમૃત સ૦ | પાટણ, સિદ્ધપુર, સંખેસર, કુણગેર. |
| પં. વિદ્યાવિજય ગ૦ | પં. સંતિ સ૦ | સોરઠ દેશે |
| પં. લક્ષ્મીવિજય ગ૦ | પં. દેવ સ૦ | વીસલનગરે, પીંપલદર, કરપટીયો, ડાભલા, વેણુપ, જરસકા. |
| પં. જીતવિજય ગ૦ | પં. શુભ સ૦ | ધીણોજ, લણવા, કંથરાવી, ધવલેશ્વ. |
| પં. રાજવિજય ગ૦ | પં. ઉત્તમ સ૦ | વિહારા, કઠોર. |
| પં. ફતેવિજય ગ૦ | પં. તેજ સ૦ | ધાનેરા, વાવ, કુવાલા, વણોદ. |
| પં. દોલતવિજય ગ૦ | પં. શુભ સ૦ | કલાડો, માંડલ, પંચાસર, પાડલા. |
| પં. ભાગ્યવિજય ગ૦<br>પં. નિત્યવિજય ગ૦ | પં. જસ સ૦<br>પં. લક્ષ્મી સ૦ | દક્ષણદેશે. |
| પં. ગુણરત્ન ગ૦ | પં. તેજ સ૦ | વીરમગામ, ગોરીપો. |
| પં. વિવેકવિજય ગ૦ | પં. રૂપ સ૦ | સમી, ચંદૂર, દુધષા, પીડભડી. |
| પં. પ્રેમવિજય ગ૦<br>પં. સુરેન્દ્રવિજય ગ૦ | પં. ચતુર સ૦ | મેસાણા, કડી, મણોજ, ડાંગરો, યાત્રાપીપલી. |
| પં. રૂપેન્દ્રસાગર ગ૦ | પં. ફતે સ૦ | મમોઈ, વેણટપો, નાગુથાણો, વરી, અગાસી. |
| પં. સૌભાગ્યસાગર ગ૦ | પં. મણી સ૦ | પાટડી, બજાણા. |
| પં. નરોત્તમવિજય ગ૦<br>પં. કિસ્તુરવિજય ગ૦ | પં. સુવધિ સ૦ | ભરુવચ્ચ, દેજબારો |
| પં. રાજવિજય ગ૦<br>પં. જીતવિજય ગ૦ | પં. રૂપ સ૦<br>પં. ઉમેદ સ૦ | ઈડર, જામલા. |
| પં. પૃથ્વીચંદ્ર ગ૦<br>પં. ગુમાનચંદ્ર ગ૦ | પં. અમી સ૦<br>પં. પૃથ્વી સ૦ | સોરઠ દેશે |
| પં. હીરવિજય ગ૦ | પં. રૂપ સ૦ | રાધણપુર, કમાલપુર, નવાગામ, તેરવાડો. |
| પં. ચતુરવિજય ગ૦ | પં. નવલ સ૦ | માવડ, ગોડા, સીપર, ઉંબરી, ચાવ, સથલાસણ. |
| પં. ભગવાનવિજય ગ૦ | પં. સુવધિ સ૦ | ડભોઈ |
| પં. વિનયવિજય ગ૦<br>પં. રિષભવિજય ગ૦ | પં. જિત સ૦<br>પં. વિનય સ૦ | જંબુસર, ઝીણોર. |
| પં. રિષભવિજય ગ૦<br>પં. દયાવિજય ગ૦ | પં. રંગ સ૦<br>પં. રિષભ સ૦ | ડીસા, કાંપ, ચાંગા, આહેડા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પં. ભાગ્યવિજય ગ૦ | પં. પુણ્ય સ૦ | ચાણુસમો |
| પં. મનરૂપવિજય ગ૦ | પં. મયા સ૦ | વડાલી, બ્રહ્માની ખેડ. |
| પં. તેજવિજય ગ૦ | પં. પુણ્ય સ૦ | ઉમતા |
| પં. ભાગ્યવિજય ગ૦ | પં. કનક સ૦ | હાકુ, હરસોલ, તાજપુર. |
| પં. જયવિજય ગ૦ | પં. વિદ્યા સ૦ | મોહનપુર |
| પં. પ્રેમવિજય ગ૦ | પં. મહિમા સ૦ | અમનગર |
| પં. લાલચંદ્ર ગ૦ | પં. પ્રેમ સ૦ | સોરઠ દેશે |
| પં. ઉદયવિજય ગ૦ | પં. પદ્મ સ૦ | વીજાપુર, લાડોલ, સમોઉ. |
| પં. ચતુરવિજય ગ૦ | પં. કિસ્તુર સ૦ | પાલણપુર, મેતા, ઘોતા-સકલાણા, વગદા. |
| પં. મુક્તિવિજય ગ૦ | પં. ભીમ સ૦ | પાદર |
| પં. તિલકવિજય ગ૦ | પં. મુક્તિ સ૦ | વડાવલ |
| પં. હેતવિજય ગ૦ | પં. વિવેક સ૦ | આગલોલ |
| પં. ગુલાબવિજય ગ૦ | પં. મોહન સ૦ | ભાલક |
| પં. લબ્ધિવિજય ગ૦ | પં. લાવણ્ય સ૦ | } રાજપુર |
| પં. ન્યાનવિજય ગ૦ | પં. નાયક સ૦ | |
| પં. પ્રેમવિજય ગ૦ | પં. માણિક સ૦ | મોરવાડો, ભાભર, ઉચ્ચોસણ. |
| પં. ખુશાલવર્દ્ધન ગ૦ | પં. ધર્મ સ૦ | વઢમાણ, ધ્રાંગધરો |
| પં. ધર્મવિજય ગ૦ | પં. રત્ન સ૦ | ગોત્રકો, વારાહી |
| પં. રૂપવિજય ગ૦ | પં. રત્ન સ૦ | સાંકરા, કરહા, ઉદરા, વહા. |
| પં. અમીવિજય ગ૦ | પં. મુક્તિ સ૦ | કચ્છ દેશે. |
| પં. પદ્મવિજય ગ૦ | પં. રવિ સ૦ | કચ્છ દેશે. |
| પં. પ્રતાપવિજય ગ૦ | પં. ભગવાન સ૦ | મીયાંગામ, વટાદરો, અનસ્તુ, ઘટોલો. |
| પં. મુક્તિવિજય ગ૦ | પં. નેમ સ૦ | બોરસદ |
| પં. હેતવિજય સ૦ | પં. હંસ સ૦ | } દક્ષણદેશે. |
| પં. મણીવિજય ગ૦ | પં. હેત સ૦ | |
| પં. ભીમવિજય ગ૦ | પં. હેમ સ૦ | લેંછ, લાંઘણોજ, અંબાસણ, કુકુઆવ, દેકાવાડો. |
| પં. લક્ષ્મીવિજય ગ૦ | પં. હીર સ૦ | ઇલ્લોલ, દાવડ. |
| પં. ભાણુવિજય ગ૦ | પં. હર્ષ સ૦ | મગરવાડો, ટીબા, થુડી, મજદર, પરષડી. |
| પં. સુવધિવિજય ગ૦ | પં. ગુલાલ સ૦ | વેડ, રાધુ, અણુવરપુરો, સંપલપુર. |
| પં. પદ્મવિજય ગ૦ | પં. ભાગ્ય સ૦ | અંતરોલ, નંદાસણ, સરિયાડ. |
| પં. જયવિજય ગ૦ | પં. દીપ સ૦ | બદરકો, ગાગડ. |
| પં. સૌભાગ્યવિજય ગ૦ | પં. ગુમાન સ૦ | ચીલોડો |
| પં. ભક્તિવિજય ગ૦ | પં. પ્રતાપ સ૦ | ગોલા |
| પં. કુંવરવિજય ગ૦ | પં. લક્ષ્મી સ૦ | સોઈગામ, વેણપ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પં. યસવિજય ગ૦ | પં. ઉત્તમ સ૦ | બજાણામધ્યે |
| પં. મહિમાવિજય ગ૦ | પં. નેમ સ૦ | સોઇગામમધ્યે |
| પં. હીરવિજય ગ૦ | પં. ચતુર સ૦ | પીલુચો |
| પં. કનકવિજય ગ૦ | પં. દીપ સ૦ | મુહો, ભીલડી. |
| પં. હંસવર્દ્ધન ગ૦ | પં. નિત્ય સ૦ | કોઠ |
| પં. ફતેકુશલ ગ૦ | પં. જીત સ૦ | દક્ષણદેશે |
| પં. અમૃતવિજય ગ૦ | પં. રંગ સ૦ | માતર, નડીઆદ, ષાંડલી. |
| પં. કિસ્તુરવિજય ગ૦ | પં. ગોકલ સ૦ | વડગામ |
| પં. મોહનવિજય ગ૦ | પં. માણિક્ય સ૦ | સાબલી |
| પં. દયાવિજય ગ૦ | પં. જીત સ૦ | પેટલાદ, ઇસર. |
| પં. ઉત્તમચંદ્ર ગ૦ | પં. રાજેંદ્ર સ૦ | દેવાડબો. |
| પં. ભકિતવિજય ગ૦ | પં. કિસ્તુર સ૦ | લીંબડી |
| પં. મોતીવિજય ગ૦ | પં. ધન સ૦ | વડનગર, ષેરાલુ |
| પં. તેજવિજય ગ૦ | પં. રાજ સ૦ | સોરઠદેશે. |
| પં. કીર્તિવિજય ગ૦ | પં. ઝવેર સ૦ | વસુ, સાંસમ. |
| પં. લબ્ધિવિજય ગ૦ | પં. લાલ સ૦ | ભરુવચ્ચમધ્યે |
| પં. તિલકવિજય ગ૦ | પં. હીર સ૦ | છકુવાડો, ગાંભુ, મુઢેરા. |
| પં. રિદ્ધિવિજય ગ૦ | પં. દીપ સ૦ | માલણ. |

समस्त समुदाययोगं । अपरं સહુ પટ્ટા પ્રમાણે પોતા પોતાને ક્ષેત્રાદેશે જઈ પોહચજ્યૌ. જે કોઈ પારકા ક્ષેત્રમાંહે રહસ્યૈ તથા ક્ષેત્ર આલટપાલટ કરસ્યૈ ત. ક્ષેત્ર ક્રયવિક્રય કરસ્યૈ ત. ચોમાસા માંહૈં કોઇ કિહાંઇ ફિરસ્યૈ હિરસ્યૈ ત. કોઈ ગૃહસ્થ થકી ચઢી બોલસ્યૈ તેહને આકરો ઉપાલંબ આવસ્યૈ. સર્વથા ગુદરાસ્યૈ નહી. એહવું જાણી મર્યાદામાં પ્રવર્ત્તવું. ॥શ્રી॥

## આગામી અંક

'શ્રી જૈન સત્ય પ્રકાશ'નું આઠમું વર્ષ આ અંકે પૂરું થાય છે એટલે આવતો અંક નવમા વર્ષનો પહેલો અંક પ્રગટ થશે.

ઘણાખરા ગ્રાહક ભાઈઓનું લવાજમ આ અંકે પૂરું થાય છે. તેઓને નમ્ર સૂચના કરવાની કે તેઓ, લવાજમ પૂરું થયાની જુદી સૂચના મળવાની રાહ જોયા વગર જ, પોતાના લવાજમના બે રૂપિયા મોકલી આપે, અને એ રીતે વી. પી. ખર્ચના પોતાના ચાર આનાનો નિરર્થક ખર્ચ બચાવે અને અમારું કાર્ય તેટલા પૂરતું સરળ બનાવે.

વ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ભદ્રંકરવિજયજી, જુન્નેર.

જીવ છે, પરલોક છે, પુણ્ય છે, પાપ છે, સ્વર્ગ છે, નરક છે-એટલું માનવા માત્રથી લોકોત્તર આસ્તિકતા પ્રાપ્ત થઇ શકતી નથી. જેઓ જીવ, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ કે નરકાદિ અતીન્દ્રિય વસ્તુના અસ્તિત્વને સ્વીકારતા જ નથી, તેઓ તો પરમ નાસ્તિક છે જ, પરન્તુ જેઓ જીવ, પરલોક, અને પુણ્ય, પાપાદિની સત્તાને સ્વીકારવા છતાં તેના સ્વરૂપને જેવી રીતે તે છે તેવી રીતે માનતા નથી પણ અન્ય અન્ય રીતિએ સ્વીકારે છે તેઓ પણ લોકોત્તર દૃષ્ટિએ નાસ્તિક જ છે.

જીવને માનવા છતાં જેઓ તેને પંચભૂતમાત્ર સ્વરૂપવાલો માને છે, પાણીના પરપોટાની જેમ કે કાષ્ટના અગ્નિની જેમ ભૂતમાત્રમાંથી ઉત્પન્ન થઈને ભૂતમાત્રમાં વિલય પામી જનારો માને છે, તેઓ તો નાસ્તિક છે જ, પરન્તુ જેઓ જીવને ભૂતથી અતિરિક્ત અને કદી નાશ નહિ પામવાના સ્વભાવવાળો માને છે તેઓ પણ જો તેને ફૂટસ્થનિત્ય કે સર્વથા અલિપ્ત સ્વરૂપવાળો માને તોપણ જીવના પ્રત્યક્ષસિદ્ધ કર્તૃત્વાદિ ધર્મનો અપલાપ કરનારા થાય છે. ભૂતાતિરિક્ત જીવને નહિ માનવામાં જેમ નાસ્તિકતા રહેલી છે તેમ ભૂતાતિરિક્ત જીવમાં રહેલા કર્તૃત્વાદિ ધર્મોને નહિ સ્વીકારવામાં પણ નાસ્તિકતા છુપાયેલી જ છે.

જીવ નિત્ય છે તેમ આકાશ પણ નિત્ય જ છે. પણ જીવની નિત્યતા અને આકાશની નિત્યતા વચ્ચે મોટું અંતર છે; આકાશ નિત્ય છતાં ત્રિકાલ અલિપ્ત છે, તેમ જીવ નથી. સકર્મક જીવ બાહ્ય પદાર્થો અને સંયોગોથી અવશ્ય લેપાય છે. તે તે પદાર્થો અને સંયોગોનાં પરિવર્તનોની વધની-ઓછી અસર જીવ ઉપર થાય જ છે. પરન્તુ આકાશ ઉપર થતી નથી.

જીવ જેવા સંયોગોમાં મુકાય છે તેવી અસર તેના ઉપર થાય જ છે. સયોગી અવસ્થામાં પ્રતિ સમય જીવ કર્મ કર્યા જ કરે છે. વિગ્રહગતિમાં પણ કર્મબંધ કરે છે. આહારાદિ છ પર્યાપ્તિઓમાં કોઈ પણ પર્યાપ્તિ શક્તિ રૂપે કે પ્રવૃત્તિ રૂપે હોતી નથી, છતાં વિગ્રહગતિમાં જીવને કર્મબંધન થાય જ છે. કાયિકાદિ બાહ્ય વ્યાપાર ન હોય ત્યારે પણ પૂર્વપ્રયોગાદિથી ચક્રભ્રમણાદિની જેમ વિગ્રહગતિ આદિમાં કર્મબંધ થયા કરે છે એવું શાસ્ત્રવચન છે. કર્મબંધરહિત અવસ્થા માત્ર સિદ્ધોને અથવા અયોગીને અથવા કેવલી સમુદ્ઘાત સમયે યોગવ્યાપાર નહિ હોવાના કારણે કેવલીને અમૂક સમય સુધી હોય છે. છતાં જેઓ જીવને આકાશની જેમ ત્રણે કાળ અને સર્વ અવસ્થામાં અક્રિય અને અલિપ્ત તરીકે માને છે તેઓ પ્રગટપણે સંપૂર્ણ રીતે નાસ્તિક નહિ હોવા છતાં અંશતઃ નાસ્તિક જ છે.

સકર્મક અવસ્થામાં જીવ જેમ શુભાશુભ કર્મનો કર્તા છે તેમ તેના સારાં-નરસાં ફળનો ભોક્તા પણ છે જ છે. શરીર છૂટયું એટલા માત્રથી કર્મ છૂટયાં એમ સંસારી જીવ માટે બનતું નથી. અથવા કર્મ બાંધે બીજો અને તેનું ફળ ભોગવે બીજો એવું પણ કદી બનતું નથી. કુટુંબાદિક માટે પાપકર્મ કરનારાનાં પાપકર્મોનું ફળ કુટુંબાદિક ભોગવતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પણ પાપકર્મ કરનારને જ ભોગવવું પડે છે. તેથી સંસારી જીવ એ આકાશની જેમ નિષ્ક્રિય નથી તેમ અલિપ્ત પણ નથી. કિન્તુ સક્રિય અને સલિપ્ત છે.

જીવ, જીવનું નિત્યત્વ, જીવનું કર્તૃત્વ અને જીવનું ભોક્તૃત્વ-એ ચારને જેવો રીતે જૈન દર્શન સ્વીકારે છે તેવી રીતે ઇતર દર્શનોએ સ્વીકાર્યા નથી. પરન્તુ જૈન દર્શનની વિશેષતા તેટલા માત્રથી જ સમાપ્ત થતી નથી. જીવના અસ્તિત્વને કે નિત્યત્વને, કર્તૃત્વને કે ભોક્તૃત્વને કોઈ માનો યા ન માનો તેટલા માત્રથી તે ઊડી જતું નથી. યુક્તિ અને આગમથી તેને સ્વીકારનારને જેમ તે માનવા પડે છે તેમ નહિ સ્વીકારનારને પણ તેનું ફળ અનુભવવું જ પડે છે. પરન્તુ જૈન દર્શનની લોકોત્તરતા જુદી છે. જૈન દર્શનની લોકોત્તર જેમ જીવને કર્મબંધ અને કર્મફળનો ભોગ માનવામાં રહેલી છે, તેમ સર્વકર્મક્ષય અને તેના ઉપાયના અસ્તિત્વને માનવામાં પણ રહેલી છે.

જીવનો કર્મથી સર્વથા છુટકારો થઈ શકે છે અને તે છુટકારાના સમ્યગ્દર્શનાદિ ઉપાયો પણ વિદ્યમાન છે જ—એ માન્યતા ઉપર લોકોત્તર આસ્તિકતા અવલંબેલી છે.

લોકોત્તર આસ્તિકતામાં જીવ અને પરલોક આદિની શ્રદ્ધા સાથે જીવના નિત્યત્વની, કર્તૃત્વની, ભોક્તૃત્વની, મુક્તત્વની અને તત્સાધનસત્ત્વની શ્રદ્ધા પણ અવિચળપણે રહેલી હોય છે. એમાંથી એકની કે એકના કોઈ એક અંશની પણ અશ્રદ્ધા જ્યાંસુધી છે, ત્યાંસુધી લોકોત્તર આસ્તિક્તા તો નથી જ, કિન્તુ અપ્રગટપણે નાસ્તિકતાનાં બીજો છુપાયેલાં જ છે. એ નાસ્તિાકતનાં બીજો એના માલિકને મુક્તિમાર્ગની આરાધનામાં સીધી કે આડકતરી રીતે પ્રતિબંધક થયા સિવાય પણ રહેતા નથી.

લોકોત્તર આસ્તિકતાના અર્થી આત્માઓ માટે જૈન શાસ્ત્રકારોએ શ્રદ્ધાનાં ૭ સ્થાનો બતાવેલાં છે, તેમાં એકની પણ અધુરાશ ચાલી શકે તેમ નથી. એકની પણ અધુરાશ જ્યાંસુધી છે ત્યાંસુધી તે જીવ નાસ્તિકતાથી સંપૂર્ણ મુકાયેલો નથી.

**સ્થાન પહેલું**—દશ્યમાન પૃથ્વી આદિ પાંચ ભૂતોથી ભિન્ન સ્વરૂપવાળો, આ ભવ છોડીને અન્ય ભવમાં જનારો, અને જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનારો જીવ નામનો એક સ્વતંત્ર પદાર્થ છે. (આ સ્થાન પરની શ્રદ્ધાથી ભુતાતિરિક્ત જીવને નહિ માનનાર નાસ્તિકવાદનો નિરાસ થાય છે.)

**સ્થાન બીજું**—પાંચ ભૂતોથી વ્યતિરિક્ત જીવ નામનો પદાર્થ દ્રવ્ય દૃષ્ટિએ અવિનાશી અને નિત્ય સ્વભાવવાળો છે. (આ સ્થાન પરની શ્રદ્ધાથી શરીરના નાશ સાથે જીવનો નાશ માનનાર ચાર્વાકમત, મોક્ષપ્રાપ્તિ વખતે જીવનો નાશ માનનાર બૌદ્ધમત અને મોક્ષપ્રાપ્તિ વખતે જીવત્વાદિ (જીવના જ્ઞાનાદિ ગુણો આદિ)નો નાશ માનનાર વૈશેષિકાદિ મતનો નિરાસ થાય છે.)

**સ્થાન ત્રીજું**—જ્યાંસુધી જીવનો મોક્ષ ન થાય ત્યાંસુધી સંસારી જીવ પ્રતિસમય (૭-૮) કર્મને બાંધ્યા જ કરે છે. એ કર્મ મૂળ (૮) પ્રકારનાં છે અને ઉત્તર (૧૫૮) પ્રકારનાં છે. જ્ઞાનદર્શનને રોકનાર, સુખદુઃખને આપનાર, વિચાર અને વર્તનમાં વિપર્યાસ કરાવનાર, જીવન અને શરીરને ધારણ કરાવનાર, ઉચ્ચનીચ આદિ અવસ્થાઓને અપાવનાર અને દાનલાભાદિમાં અંતરાયભૂત થનાર તે કર્મો જ છે. પરન્તુ કર્મો સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું કાંઈ પણ નથી. (આ સ્થાનપરની શ્રદ્ધાથી જીવને નિર્ગુણ અને નિષ્ક્રિય માનનાર સાંખ્ય મતનો નિરાસ થાય છે.)

**સ્થાન ચોથું**—જે જે જીવો જે જે કર્મોને બાંધે છે, તે તે જીવોને તે તે કર્મોને ભોગવવાં જ પડે છે (આ સ્થાનપરની શ્રદ્ધાથી જીવોના અદૃષ્ટથી ઈશ્વરને શરીર ધારણ કરવાનું માનનાર નૈયાયિક મત, પુત્ર પૌત્રાદિની શ્રાદ્ધાદિ ક્રિયા વડે પિતા પિતામહાદિની તૃપ્તિ માનનાર બ્રહ્મભોજ્યાદિ મત, જગતની ઉત્પત્તિ પ્રલય અને ખંડપ્રલયાદિ માનનાર વેદાન્ત્યાદિ મત અને જગતને સુખદુઃખ દેનાર તરીકે ઈશ્વરને માનનાર ઈશ્વરવાદી આદિ મતનો નિરાસ થાય છે.)

**સ્થાન પાંચમું**—જન્મજરામરણાદિની પીડાથી રહિત અને અનંત જ્ઞાનદર્શનાદિ ગુણોની સમૃદ્ધિથી ભરપૂર જીવની મોક્ષાવસ્થા છે. (આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવનો મોક્ષ નહિ માનનાર ચાર્વાકાદિ અને મોક્ષને માનવા છતાં તેને અભાવાદિ સ્વરૂપવાળો માનનાર બૌદ્ધાદિ મતોનો નિરાસ થાય છે.)

**સ્થાન છઠ્ઠું**—ભવ્ય જીવનો મોક્ષ એ ઉપાયથી સાધ્ય છે. હિંસાદિ આશ્રવોનો રોધ, અને સમ્યગ્દર્શનાદિ સંવર નિર્જરાના ઉપાયોનું ઉત્કટ આસેવન એ મોક્ષનો ઉપાય છે. (આ સ્થાન પરની શ્રદ્ધાથી મોક્ષના ઉપાયોને નહિ માનનાર આજીવિકાદિ મત અને વિપરીત ઉપાયોને માનનાર મીમાંસકાદિ મતોનો નિરાસ થાય છે.)

જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતાનું સ્વરૂપ સમજી સૌ કોઈ તેના પર આદરવાળા બનો, અને આત્યન્તિક શ્રેયને સાધો, એ જ એક અભિલાષા.

## સ્વીકાર

શ્રી ઉમાસ્વાતિ વાચકવિરચિત **શ્રી તત્ત્વાર્થાધિગમ સુત્ર** (મૂલ અને ભાવાનુવાદ)–સંપાદક–પૂજ્ય મુનિમહારાજ શ્રી કનકવિજયજી મહારાજ; પ્રકાશક શ્રી જયંતિલાલ બેચરદાસ દોસી, વ્યવસ્થાપક શ્રી જૈન સ્વાધ્યાય મન્દિર, સાવરકુંડલા (કાઠિયાવાડ), **ભેટ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# तथाकथित अशोकस्तभोंका प्रयोजन

## [ स्तंभोके प्रयोजन विषयक विशिष्ट तर्क ]

लेखकः—भा. रं. कुलकर्णी, बी. ए., राजवाडे संशोधन मंडल, धुलिया.

भारतवर्षमें कौशांबी, सारनाथ, सांची आदि स्थानोंपर जो विशाल और अखंड शिलास्तंभ पाए जाते हैं, और जो स्तंभ सम्राट अशोकने बौद्धधर्मके प्रचारके लिए बनवाये थे ऐसा अभी तक समझा जाता था, वह न तो सम्राट अशोकने बनवाये हैं और न उनका बौद्धधर्मसे काई संबंध है, किन्तु इन शिल्पोंका निर्माता जैनसम्राट प्रियदर्शी है—यह सिद्धांत श्री. डॉ. त्रिभुवनदास लहेरचंद शाहने अपने 'सम्राट प्रियदर्शी' नामक ग्रंथमें बडे परिश्रम और सफलतासे प्रतिपादित किया है। इस पर भी ऐसा एक प्रश्न पूछा जा सकता है कि सम्राट प्रियदर्शीने ये स्तंभ क्यों बनवाये ? इसका उत्तर देनेका प्रयत्न इस लेखमें मैं करना चाहता हूं।

जिन पाठकोंने इन स्तंभोंको प्रत्यक्ष या चित्र द्वारा देखा हो उनको यह याद होगा कि इन स्तंभो पर आमूलाग्र किसी प्रकारकी खुदाई नहीं है। भिन्नभिन्न स्तंभोपर भिन्नभिन्न शिरोभूषण पाये जाते हैं। जैसे सारनाथके स्तंभका शिखर चारों दिशाओंकी ओर मुख करके बैठे हुए सिंहोंसे सजा हुआ है। इलाहाबादके कीलेमें जो स्तंभ मौजूद है उसके शिखर पर कोई कारीगरी नहीं है। किसी स्तंभ पर मगर है। किंतु एक बात सब जगह एकसी है कि ये स्तंभ लकडीके खंभे जैसे बिलकुल सरल हैं। और इतना ही नहीं, किंतु इन स्तंभोंके पृष्ठपर जहां प्रियदर्शीने अपनी आज्ञाएं खुदवाई हैं उन आज्ञाओंके इर्द-गिर्द न तो कोई वेलपत्ती, नकशी, महिराब या और किसी प्रकारकी खुदाई की हुई है।

जब कोई विशिष्ट प्रयोजनसे ऐसे ऊंचे स्तंभ बनवाये जाते हैं तो यह बात वहां अवश्य पाई जाती है कि—उन स्तंभोंका प्रयोजन बतानेवाली खुदी हुई शिला लगानेके लिये उनपर पहले ही से खास जगह छोडी जाती है। और इस शिलालेखके चारों ओरकी मर्यादा सादी रेखाओंसे या नकशी सहित-रेखाओंसे बनाई जाती है। यदि इन स्तंभोका प्रयोजन या खास हेतु सम्राट प्रियदर्शीकी आज्ञाओंका प्रकाशन ही होता तो संभव था कि उन आज्ञाओंके लिये, स्तंभ बनानेवाले कारीगर, पहले ही से कुछ जगह मय मर्यादाके रख छोडते। भला, सम्राट प्रियदर्शी भी किसी विजयके स्मारकके कारण इन स्तंभोको बनवाता था ऐसी शंका भी उसके लेखोंसे निर्मूल हो जाती है। उन स्तम्भोंमें कहीं भी किसी विजयका नामोल्लेख नहीं है। और जो आदेश ऐसे स्तंभो पर खुदे हैं वैसे ही आदेश और स्थानोंपर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पहाडोंमें बडी बडी चट्टानोंपर भी खुदे हैं। फीर भी सारनाथ कौशांबी ये ऐसी जगह है जहां इन स्तंभोंका तीसतीस फीट लंबा पत्थर बडी दूरसे और बहुत परिश्रमसे लाया गया होगा। यदि स्तंभोका एकमात्र प्रयोजन अपनी धार्मिक आज्ञाएं खुदवाना यही होता तो उसके लिये ऐसे बीस-पचीस हात लंबे पत्थरके बदले दो-तीन हात लंबे-चौडे ऐसे एक ही पत्थरसे काम बन सकता था। और एक विशेषता यह भी दिखाई देती है कि जहां साधुओंके ठहरनेके स्थान और पासमें छोटा-मोटा शहर हो ऐसी ही जगहमें स्तंभ बने है; जंगल या पहाडोंमें ऐसे स्तंभ नहीं मिलते। इन सब प्रश्नोपप्रश्नोंसे यह सूचित होता है कि इन स्तंभोका खास प्रयोजन कुछ और ही है।

इस प्रकारके अखंड पत्थरके खंभे अन्य प्राचीन संस्कृतियोंके देशोंमें भी पाये जाते हैं। इजिप्त या मिश्र के प्राचीन मंदिरोंके सामने इस तरहके विशाल पत्थरी खंभे (Monoliths) रखे जाते थे। और उनकी छाया द्वारा वर्षकी ऋतु और दिनकी घडियां समझी जाती थीं[१]। इसी तरहके स्तंभ रोम और ग्रीसमें थे[२] और उनका प्रयोजन भी यही था। भारतके वैष्णव पंथके मंदिरोंके सन्मुख भी प्रायः ऐसा ही स्तंभ बनाया जाता था। गोकुलमें जो सोनेका गरुडस्तंभ है उसमें और इन प्रियदर्शीके बनवाये हुए स्तंभोंमें बहुतकुछ साम्य है।

शंकूकी छाया नाप कर उससे सूर्यकी दैनिक और वार्षिक गति-स्थितिका पता चलाना यह ज्योतिषकी प्राचीन प्रणालिका 'सूर्यप्रज्ञप्ति' ग्रन्थमें स्पष्टतासे बतलाई हुई है। 'सूर्यप्रज्ञप्ति' ग्रन्थमें 'पौरुषी-छाया-प्रमाणं' नामका ९वां प्राभृत इसी विषयकी चर्चा करता है। इस सब विवरणसे मेरा यह तर्क है की ये स्तंभ एक प्रकारके विशाल शंकू होने चाहिये। कोई जैनाचार्यके उपदेशसे जैन संघ और साधुओंकी सुभीताके लिये कालादर्शके कारण इन स्तंभोकी रचना और योजना हुई होगी। और प्रसिद्ध नगरोंके प्रमुख स्थानोंपर उनकी स्थापना की गई प्रतीत होती है। छायाके नापनेमें किसी प्रकारकी बाधा न आने पावे इसके कारण स्तंभ गोल ही नहीं किंतु किसी अन्य कारिगरीसे बिलकुल अलिप्त रखे गये। और धर्माज्ञाएं भी इस तरह हलके हाथसे खुदवाई गई की स्तंभपृष्ठ पर कहीं भी ऊंची नीची जगह न बने। धर्माज्ञा खुदवानेमें केवल 'एक पंथ दो काज' यही तत्त्व होगा। कदाचित् प्रियदर्शीने सब स्तंभ बनवाकर सुप्रसिद्ध स्थानोंको भेंट दिये होंगे। किंतु उनका प्रयोजन ज्योतिषमूलक ही होना चाहिए ऐसा अनिवार्य तर्क है।

यह विषय सर्व उपलब्ध स्तंभोंके नाप और जाँच करनेके पश्चात् अधिक निर्णायक हो सकेगा। आशा है-इस दृष्टिसे प्रयत्न शूरू होवे।

---

Vide (1) The Dawn of Astronomy (2) Astronomy of the Ancients.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सूर्य पहाडकी प्राचीन जैन मूर्तियां

लेखकः—श्रीयुत भँवरलालजी नाहटा, बीकानेर.

आसाम प्रान्त में गवालपाडा एक सुप्रसिद्ध नगर है। यह ब्रह्मपुत्रा नदी के किनारे स्थित है। पहले यह गवालपाडा जिले के नाम से प्रसिद्धि था अब यह धोबड़ी जिले के अन्तर्गत है। यहां पर पाट (Jute) की बहुत आमदानी होती है। सूर्यपहाड़ गवालपाड से १४ मील की दूरी पर है।

गवालपाडे में श्री पार्श्वनाथ भगवान का एक मंदिर है जिसका वर्णन कुछ वर्ष पूर्व हमने 'आसाम प्रान्त में जैन मंदिर' नामक लेखमें प्रकाशित किया था। हमारी दुकान वहाँ १०० वर्ष से भी पुरानी है। वर्षोंसे हमने वहाँ के निकटवर्ती सूर्य पहाड की प्राचीन मूर्त्तियों की बात सुन रखी थी इस लिए ता. २२ नवम्बर सन १९४१ के दिन हम लोग मोटर द्वारा सूर्य पहाडके दर्शनार्थ निकले। हमारी मोटर आसाम के ऊबड खाबड पथरीले जंगल को पार करती हुई क्रमशः डूबापाडा के नदी तट पर पहुँची। नदी पर पुल नहीं होने के कारण मोटरगाड़ी को व यात्रियों को मांड (जुडी हुई दी नौकाएं) द्वारा पार किया जाता है। मोटर को मांड पर लेजानेके लिए कच्चा घाट बना रहता है किन्तु वह टूटा हुआ था और नदी के वेगसे अस्तव्यस्त हो गया था मजदूर लोग उसे ठीक करने के लिए बैठे हुए थे, हमने उन्हें शीघ्रता से ठीक करवा कर नदी को पार किया और थोड़ी देर में सूर्य पहाड के निकट जा पहुँचे।

सूर्य पहाड पर एक गुजराती साधु जो कि सन्तोषी और सज्जन थे अपने शिष्य सहित वहाँ रहते थे। पूर्व परिचित होने के कारण बड़ी प्रसन्नता पूर्वक हमारा स्वागत करनेके लिए आये और हमारे साथ साथ घूम कर सब जगह दिखलाई। दो तीन दिनसे ज्वराक्रान्त और निराहार होते हुए भी उन्होंने हमें ऐसा माळुम नहीं होने दिया। ज्वराक्रान्त होने का तभी ज्ञात हुआ कि जब हम सब कुछ देखकर उनके आश्रम में आये और उन्होंने हम लोगोंका केला, पपीता, दूध, चाय आदि से सत्कार किया।

यह परगना दसभुजा सोमेश्वर के नामसे प्रसिद्ध है। पहले पहाडके नीचे पानी के पहाड़ी नाले पर बहुत से महादेवजी के लिंग और छोटी गुफाएं हैं। एक चट्टान पर १२ हाथोंवाली दशभुजा देवी की मूर्त्ति है जिसके मस्तक पर सप्तफणा सांप का छत्र है। उसके पास राम, लक्ष्मण, सीता और पांच सतियों को मूर्त्तियां है। पहाड के ऊपर सोमेश्वर महादेव हैं, रास्ते में हनुमानजी का मंदिर है। दूसरी तरफ से पहाडके किनारे किनारे हो कर गये वहाँ पानी के नाले पर एक गणेशजी की मूत्ति हैं उसके समीप बोहड जंगलमें से व्याघ्रराज आकर अपनी पिपासा शान्त करके लौटे थे, जिनके पदचिह्न उस समय भूमि पर स्पष्ट अंकित

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थे। थोडा आगे जाने पर एक बहुत बडी पाषाणखंड की बनी हुई एक वेदी मिली, जिसे वहाँ के लोग व्यासवेदी कहते हैं। इससे कुछ आगे जाने पर एक पहाडी गुफा मिली जो वास्तव में गुफा नहीं है किन्तु दो पर्वतखंडोंके मिल जाने से प्राकृतिक गुफासी हो गई है। उसमें प्रवेश करने पर दो कायोत्सर्ग ध्यानस्थ मूर्त्तियों के दर्शन हुए, जिनमें दाहिनी ओर की मूर्त्ति ४ फुट ऊँची और १॥ फुट चौडी है। उसके दाहिनी ओर ऊपरकी तरफ ६ अक्षर खुदे हैं और नीचे ४ अक्षर खुदे हैं। प्रतिमा के नीचे पद्मका चिह्न है जो कि छठे जैन तीर्थङ्कर श्री पद्मप्रभु भगवानकी मूर्ति का परिचायक है।

दूसरी मूर्त्ति इसके बांये तरफ हैं वह २। फुट ऊँची और १ फुट चौड़ी है। इसके नीचे वृषभ का चिह्न है जो कि प्रथम जैन तीर्थङ्कर श्री ऋषभदेव भगवान का लांछन है। मस्तक के पीछे भामंडल लगा हुआ है जो कि समवसरण में व जैन मंदिरों में प्रभु प्रतिमाओंके पीछे लगा रहता है। इस मूर्त्तिके बायीं तरफ चार अक्षर खुदे हुए हैं। यह लिपी लगभग १००० वर्ष की प्राचीन प्रतीत होती है। अक्षर बहुत बड़े बड़े और स्पष्ट है परन्तु पत्थर साफ नहीं होने से छाप नहीं ली जा सकी, फोटो का भी साधन उस समय साथ में नहीं था अतः भविष्यमें इस विषयमें उचित व्यवस्था की जायगी। वहाँसे फिरती लौटकर सूर्य्यकुंड नामक सरोवर के पास आये। वहाँका घाट टूटा फूटा परन्तु पुरानी इंटोका बना हुआ कहीं कहीं अवशिष्ट था उसीके किनारे सूर्यका मन्दिर था जो अब नष्ट हो चुका, परन्तु एक टीनके घरमें सूर्यकी मूर्त्ति अब भी सुरक्षित है। काले रंगके पत्थरकी सूर्यमूर्त्ति है जिसमें बीचमें १ मूर्त्ति और उसके चारों तरफ १२ मूर्त्तियों हैं जिसे सूर्यकी १२ कला बतलाते हैं। सब मूर्कियोंके बड़े बड़े कान हाथीके से विचित्र मालूम होते हैं। पहाड़ पर और नीचे और भी मूर्त्तियां मिल सकती है, परन्तु जंगल बहुत है और रास्ता खराब होनेके कारण हम लोग नहीं गये।

सूर्य पहाड़ बहुत बडा और कई मीलोंमें फैला हुआ है। इस पहाड़ के ऊपर जंगली जातियाँ रहती हैं। वे खेती बाड़ी करके अपना निर्वाह करती हैं। पहाड़ के ऊपर घना जंगल है और रास्ता खराब है।

इसी प्रकार गवालपाडा जिले के पंचरत्न, पातालपुरी, जोगीगुफा, टुंकेश्वरी इत्यादि पहाड़ों पर कई प्राचीन मूर्त्तियों के भग्नावशेष हैं। इन पहाड़ो पर कई जोगी तपस्या करते थे। वहाँ पर कई तरह की जड़ी बूटियाँ मिलती है। रास्ता बहुत खराब हैं। सरकारको इन प्राचीन पहाड़ो के अनुसंधान की ओर ध्यान देना चाहिए।

आसाम प्रान्तसे जैनधर्मका सम्बन्ध कैसा रहा है इसके जाननेका कोई साधन हमारे अवलोकन में नहीं आया। विशेषज्ञों से निवेदन है कि इस सम्बन्धमें उनकी कोई जानकारी हो तो प्रकाश में लाने की कृपा करें।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવચન-પ્રશ્નમાલા

પ્રયોજક-પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

( ક્રમાંક ૯૩ થી ચાલુ )

**૪૯ પ્રશ્ન**-અન્ય ગ્રંથોમાં જણાવ્યું છે કે-"આયુષ્યને શ્વાસોચ્છ્વાસની સાથે સંબંધ છે, એટલે શ્વાસોચ્છ્વાસને અધીન આયુષ્ય છે અથવા આયુષ્યનો આધાર શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપર છે. કહેવાનું તાત્પર્ય એ છે કે- જે જીવનું આયુષ્ય જેટલા શ્વાસોચ્છ્વાસ પ્રમાણ હોય તે જીવ તેટલા શ્વાસોચ્છ્વાસ પૂરા કરીને જ મરણ પામે છે, કદાચ મરણ પામતી વેલાએ શ્વાસોચ્છ્વાસ પૂરા કરવા બાકી રહ્યા હોય, તો જલદી જલદી શ્વાસ લઈને તમામ શ્વાસોચ્છ્વાસ પૂરા કરી મરણ પામે છે." આ બાબતમાં જૈન દર્શન શું માને છે?

**ઉત્તર**-આ પ્રશ્નમાં જણાવેલી બિના તદ્દન અઘટિત (ખોટી) છે. કારણ કે જીવ-'પાછલા ભવમાંથી આગામિ ભવની અંદર મારે અમુક સંખ્યામાં શ્વાસોચ્છ્વાસ પૂરા કરવા' એવો નિર્ણય કરીને અહીં આવતો નથી. પરંતુ આયુષ્ય બાંધતી વખતે આયુષ્યના વિદ્યમાન તમામ પુદ્ગલો ભોગવવાના જ એવો જ નિર્ણય કરીને અહીં આવે છે. વસ્તુ-સ્થિતિ આ પ્રમાણે હોવાથી શ્વાસોચ્છ્વાસની સાથે આયુષ્યને કોઈ જાતનો સંબંધ છે જ નહિ. જ્યાંસુધી જીવ જીવે ત્યાંસુધી શ્વાસ લે ને મૂકે એમ ખૂશીથી કહી શકાય. તથા અમુક જીવે અમુક ભવમાં આટલા શ્વાસોચ્છ્વાસ લેવા જ જોઈએ, એમ પણ નથી. આ પ્રસંગે યાદ રાખવું જોઈએ કે-આયુષ્યને ઘટાડનારાં અનેક કારણોને અંગે કદાચ એમ પણ બને છે કે-કોઈ જીવ જાણી જોઈને કે ઘણાં દુઃખના આવેશ (ઉભરા)ને લઈને કે દોડવા વગેરેથી ઘણો થાક લાગતાં ઘણાં પ્રમાણમાં શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે, તો તેનું (અપવર્ત્તનીય આયુષ્યવંત જીવનું) આયુષ્ય જરૂર ઘટે છે. કારણ કે-તે પ્રસંગે વધારે પ્રમાણમાં આયુષ્યના દલિકોનો ક્ષય થાય છે. આ વાતને મળતી બિના શ્રી કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં પણ ટૂંકામાં જણાવી છે તે આ પ્રમાણે-જે માણસ બહુ જ દુઃખી હોય, તે શ્વાસોચ્છ્વાસ બહુ ગ્રહણ કરે છે, ને આયુષ્યકર્મની નિર્જરા પણ ઘણી કરે છે. આ સત્ય બિનાને નહિ જાણનારા જીવો જ એમ કહી શકે કે-'આયુષ્ય શ્વાસોચ્છ્વાસની ક્રિયાને અધીન છે.' વળી લબ્ધિઅપર્યાપ્તા જીવો શ્વાસોચ્છ્વાસ લીધા વિના શરૂઆતની ત્રણ પર્યાપ્તિ પૂરી કરી પરભવનું આયુષ્ય બાંધીને મરણ પામે છે. આથી પણ સાબીત થાય છે-કે આયુષ્યનો આધાર શ્વાસોચ્છ્વાસની ઉપર હોઈ શકે જ નહિ. આયુષ્યકર્મની ઉદીરણામાં શ્વાસોચ્છ્વાસ કારણ કહી શકાય, જીવન દોરી તૂટી છે કે નહિ? આ માણસ જીવે છે કે નહિ? તે જાણવાનાં અનેક કારણોમાં શ્વાસક્રિયાને પણ ગણી છે. ૪૯

**૫૦-પ્રશ્ન**—સોપક્રમ આયુષ્યનું સ્વરૂપ શું?

**ઉત્તર—૧** જેથી આયુષ્ય ઓછું થાય, તે ઉપક્રમોમાંના કોઈ પણ ઉપક્રમથી જે આયુષ્ય ક્ષીણ થાય (નાશ પામે, ઘટે) તે સોપક્રમ આયુષ્ય કહેવાય. બીજા ગ્રંથોમાં ઉપક્રમનો અર્થ, 'બાહ્ય નિમિત્ત' કર્યો છે. આ વ્યાખ્યા અપવર્ત્તનીય આયુષ્યમાં ઘટાવવી. અનપવર્ત્તનીય આયુષ્યને અંગે સોપક્રમ આયુષ્યની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી—અંતિમ સમયે જે (આયુષ્ય) ને બાહ્ય નિમિત્ત હયાત હોય, તે સોપક્રમ આયુષ્યની બીજી વ્યાખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવવાનું કારણ એ છે કે–અનપવર્ત્તનીય આયુષ્યવાળા જીવોને અંતિમ સમયે ઉપક્રમ હયાત હોય, પણ તેની અસર આયુષ્યની ઉપર લગાર પણ થતી જ નથી. એટલે તેમના આયુષ્યનો ક્ષય ઉપક્રમથી થતો જ નથી. પણ અનુક્રમે ભોગવીને તેઓ આયુષ્ય પૂરું કરે છે–એમ શ્રી તત્ત્વાર્થવૃત્તિમાં જણાવ્યું છે. આયુષ્યની બિના સ્પષ્ટ રીતે સમજવાને માટે આયુષ્યના અપવર્ત્તનીયાદિ ભેદોનું સ્વરૂપ જરૂર જાણવું જ જોઈએ. ૫૦

**૫૧ પ્રશ્ન**—નિરૂપક્રમ આયુષ્યનું સ્વરૂપ શું ?

**ઉત્તર**—જેનો ક્ષય અનુક્રમે આયુષ્યના દલિયા ભોગવીને જ થાય, એટલે જેને ઉપક્રમ ન લાગે તે નિરૂપક્રમ આયુષ્ય કહેવાય. ૫૧

**૫૨ પ્રશ્ન**—ઉપક્રમનો સંબંધ થયા પહેલાં આયુષ્યને ભોગવવાનો ક્રમ કેવા પ્રકારનો હોય છે ?

**ઉત્તર**—ઉપક્રમનો સંબંધ થયા પહેલાં ભવોત્પત્તિના પહેલા સમયે આયુષ્યના દલિયા વધારે ભોગવે, બીજે સમયે ઓછા ભોગવે, ત્રીજે સમયે તેથી પણ ઓછા ભોગવે. આ રીતે આગળ આગળના સમયે પહેલાંના સમયમાં જે દલિયા ભોગવે, તેથી ઓછા ઓછા આયુષ્યના દલિયા ભોગવાતા હતા. જ્યારે ઉપક્રમનો ઓછા પ્રમાણમાં સંબંધ થાય ત્યારે પહેલાંનો ક્રમ પલટાઇ જાય છે–એટલે પૂર્વ પૂર્વના સમયમાં જે આયુષ્યના દલિયા ભોગવે તેના કરતાં આગળ આગળના સમયમાં વધારે વધારે આયુષ્યના દલિયા ભોગવે છે. કોઇ વખત ઉપક્રમની અસર પ્રબલ થાય તો આગળ આગળના સમયમાં અસંખ્ય ગુણ–અસંખ્ય ગુણ વધારે દલિયા ભોગવીને અંતર્મુહૂર્ત્તમાં પણ સર્વ આયુષ્યના પુદ્ગલો ભોગવીને ક્ષય કરે છે. આ રીતે સાત ઉપક્રમોમાંનો કોઇ પણ ઉપક્રમ લાગે, ત્યારે આયુષ્યના દલિયા વધારે ભોગવાય, તેથી અકાલ મરણ થાય છે. ૫૨

**૫૩ પ્રશ્ન**—કયા કયા જીવોનું નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય હોય ?

**ઉત્તર**—તમામ દેવ, નારક, યુગલિક મનુષ્ય, તિર્યંચોનું નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય હોય છે. યુગલિકોની બાબતમાં શ્રી સૂત્રકૃતાંગ, કર્મપ્રકૃતિ વગેરેમાં એમ પણ કહ્યું છે કે–યુગલિયાઓનું પણ ત્રણ પલ્યોપમનું આયુષ્ય અપવર્ત્તનાકરણે કરીને ઘટતાં ઘટતાં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ બાકી રહે. આવી ઘટના કોઈક જ યુગલિયાના આયુષ્યની બાબતમાં સંભવે છે. ૫૩

**પ્રશ્ન ૫૪**—સોપક્રમ અનપવર્ત્તનીય, અને નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્યને ધારણ કરનારા કયા કયા જીવો હોય ?

**ઉત્તર**—૧-તે જ ચાલુ મનુષ્યભવમાં મોક્ષે જનારા જીવો, ૨ તીર્થંકર, ૩ ચક્રવર્ત્તી, ૪ બલદેવ, ૫ વાસુદેવ–આ તમામ જીવોમાં કેટલાએક જીવોનું સોપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય હોય છે, ને કેટલાએક જીવોનું આયુષ્ય ત્રણે પ્રકારે હોય છે. એટલે આ પ્રશ્નના ઉત્તરમાં જે જીવો જણાવ્યા નથી તેવા જીવો એટલે તદ્ભવમુક્તિગામી જીવો–તીર્થંકર, ચક્રી, બલદેવ, વાસુદેવ સિવાયના સામાન્ય મનુષ્ય તિર્યંચાદિમાંના કેટલાએક જીવોનું આયુષ્ય સોપક્રમ અપવર્ત્તનીય હોય છે, ને કેટલાએક જીવોનું આયુષ્ય સોપક્રમ અનપવર્ત્તનીય હોય છે, તથા કેટલાએક જીવોનું આયુષ્ય નિરૂપક્રમ અનપવર્ત્તનીય પણ હોય છે. ૫૪

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "શ્રી જૈન સત્ય પ્રકાશ" નું
## आठमा वर्षनुं विषय-दर्शन

### પ્રતિકાર


'अरिहन्त–चैत्य' शब्दका अर्थः पू. मु. म. श्री विक्रमविजयजी : ६७, १००, १६६, १९७.
'પ્રજાબંધુ' સાપ્તાહિકની ચાલુ વાર્તા 'જિગર અને અમી' (એ સંબંધી પત્રવ્યવહાર):૨૫૭
मूर्ति और नाम दोनों मंजूर होने चाहिए : पू. मु. म. श्री. विक्रमविजयजी : २७७, ३१९
સ્થાનકવાસી સમાજનું નવું ૩૩મું આગમ સમુત્થાનસૂત્રઃ પૂ. મુ. મ. શ્રી જયાનંદવિજયજી:૩૩૭
'રત્નાકરપચ્ચીસી'નું દિગંબરીય રૂપાંતર ('आत्मनिवेदनम्'નું રહસ્ય અને પત્રવ્યવહાર): ૩૩૯


### ઇતિહાસ, શિલ્પ, સ્થાપત્ય


જેસલમેર : શ્રી સારાભાઈ મણિલાલ નવાબ: ૯, ૭૬, ૧૦૮, ૧૩૯, ૨૩૨, ૨૬૮, ૩૦૦, (ચાલુ)
ચિત્તોડના કિલ્લામાંના જૈન અવશેષો : પૂ. મુ. મ. શ્રી ન્યાયવિજયજી : ૩૧ (ચાલુ)
શ્રી મહાવીર જયંતીની જાહેર રજા : શ્રી હીરાચંદજી જૈન : ૩૭
जैन इतिहासमें लाहौर : श्री डॉ. बनारसीदासजी जैन : ८१
તક્ષશિલાની શિક્ષણ-પ્રણાલી : શ્રી નાથાલાલ છગનલાલ શાહ : ૯૦, ૧૧૫
कतिपय ऐतिहासिक गीतोंका सार : श्री अगरचंदजी नाहटा : ११३
ગિરનારતીર્થની પાજ કોણે બંધાવી : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૧૩૦, ૧૬૧, ૨૦૯
શ્રી માતર તીર્થ : પૂ. મુ. મ. શ્રી. સુશીલવિજયજી : ૧૫૪, ૧૭૯, ૨૩૫
સંપ્રતિ-કાલનિર્ણય : શ્રી ચીમનલાલ અમુલખ સંઘવી : ૨૦૧
શ્રી શત્રુંજય ઉપરની જિનેન્દ્રટૂંક : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૨૪૮
સિદ્ધહેમકુમાર સંવત્ : પૂ. મુ. મ. શ્રી પુણ્યવિજયજી : ૨૫૯
જિનેન્દ્ર-ટૂંકના અનુસંધાનમાં : પૂ. મુ. મ. શ્રી ન્યાયવિજયજી : ૨૬૨
भारतवर्ष के बाहर जैनधर्म : श्री डॉ. बनारसीदासजी जैन : २६५
'સિદ્ધહેમકુમાર સંવત્' સંબંધી સબળ પુરાવો : પૂ. મુ. મ. શ્રી ન્યાયવિજયજી : ૨૯૧
સુવર્ણાક્ષરી કલ્પસૂત્રના અંતમાંની વિસ્તૃત પ્રશસ્તિ : પૂ. મુ. મ. શ્રી પુણ્યવિજયજી : ૨૯૨
'उमापतिवरलब्धप्रसाद' એ વિશેષણનો ઉદ્‌ગમ, વિકાસ અને ઇતિહાસ
પૂ. મુ. મ. શ્રી દર્શનવિજયજી : ૨૯૭
तथाकथित अशोकस्तम्भोंका प्रयोजन : श्री भा. रं. कुलकर्णी : ३७७
सूर्य पहाडकी प्राचीन जैन मूर्तियां : श्री भंवरलालजी नाहटा : ३७९


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાહિત્ય

કચ્છી જૈનોનાં ખાનગી પુસ્તકાલયો : શ્રી ખીમજી હીરજી છેડા : ૧૪
शार्दूलविक्रीडित छंदमें एक पारसी पद्यः श्रो. डॅा. बनारसीदासजी जैनः २२
શ્રી ભક્તામરસ્તોત્ર : પૂ. મુ. મ. શ્રી દર્શનવિજયજી : ૨૫
कतिपय स्तोत्रोंके रचयिताके विषयमें नया प्रकाशः श्री अगरचंदजी नाहटाः ३६
મુનિભાવરત્નકૃત ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિનું સ્તવન : શ્રી ભોગીલાલ જ. સાંડેસરા : ૪૨
सागरगच्छीय साधुओंकी उपस्थापना–दिनावलीः पू. पं. श्री कल्याणविजयजी गणिः ५४
શ્રી લાભસાગરકૃત પાર્શ્વજિન સ્તવન : શ્રી ભોગીલાલ જ. સાંડેસરા : ૭૩
મુનિ વિમલવિરચિત મ્હેસાણા પુરમંડન શ્રી આદિનાથ–સ્તવન :
પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ૮૪
'जैन तत्त्वसार'का रचनास्थल अमरसर कहां हैः श्री अगरचंदजी नाहटाः ९६
कुन्दकुन्द श्रावकाचार : पू. मु. म. श्री. दर्शनविजयजी : ९८
શ્રી કૃષ્ણવિજયજીકૃત કુલ્પાકમંડન શ્રી ઋષભજિન સ્તવન :
શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૧૦૫
શ્રી વિશાલસુંદર–શિષ્યવિરચિત શ્રી બંભણવાડા મહાવીર–સ્તોત્ર :
પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી : ૧૩૭
શ્રી દેવવિજયજીકૃત ચંદનબાલા સ્વાધ્યાય : શ્રી સારાભાઇ મણિલાલ નવાબ : ૧૬૯
સત્તરમી સદીની એક અપ્રકટ તીર્થમાળા : પૂ. મુ. મ. કાંતિસાગરજી : ૧૮૫
एक अलभ्य महत्त्वपूर्ण प्रति : श्री अगरचंदजी नाहटा : १९९
શ્રી પદ્મવિજયજી વિરચિત પંચકલ્યાણ–મહોત્સવ–સ્તવન :
પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી : ૨૨૫
શ્રી પાસચંદ્રસૂરિકૃત વસ્તુપાલ તેજપાલ રાસ : પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી : ૨૮૩
कुछ शब्दों पर विचार : श्री मूलराजजी जैन : २८९
शीलदेवसूरिविरचित विनयंधरचरित्रः श्री. डॅा. बनारसीदासजी जैनः ३०९
ઉ. શ્રી. જ્ઞાનસાગરજી ગણિકૃત તીર્થમાલા સ્તવન : પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી : ૩૧૩
૩૨૩, ૩૫૬, ( ચાલુ )
उमास्वामि श्रावकाचार : पू. मु. म. श्री, दर्शनविजयजी : ३४६
संस्कृत–प्राकृतमयी "भीमकुमार–कथा" : श्री. डॅा. बनारसीदासजी जैन : ३६२
આચાર્ય શ્રી વિજયધરણેન્દ્રસૂરિનો સં. ૧૯૨૩ નો ક્ષેત્રાદેશ પટ્ટક
શ્રી ભોગીલાલજ. સાંડેસરા : ૩૭૦

## ચરિત્ર, કથા, વર્ણન, ઉપદેશ

શ્રી સિદ્ધચક્રની સાત્વિકી આરાધના : પૂ. મુ. મ. શ્રી ધુરંધવિજયજી : ૩
ક્ષુલ્લક મુનિની ભિક્ષા : પૂ. મ. મ. શ્રી. સુશીલવિજયજી : ૧૭
જૈનધર્મી વીરોનાં પરાક્રમ : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી
( ક્રમાંક ૮૪ થી ચાલુ ) ૨૮, ૭૦, ૮૭, ૧૨૨, ૧૪૨, ૨૧૪, ૨૨૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પ્રતિજ્ઞા–પાલન : પૂ. મુ. મ. શ્રી સુશીલવિજયજી : ૪૯
પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ આજે છે કે નહીં : પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી : ૬૧
દેવાધિદેવ : પૂ. મુ. મ. શ્રી દર્શનવિજયજી : ૧૭૩
મહારાજા કુમારપાળની ધર્મચર્યા : N. : ૧૯૩
અન્તિમ આરાધનાના પ્રકારો : પૂ. મુ. મ. શ્રી. કનકવિજયજી : ૩૪૮
ગિરનારનો જીર્ણોદ્ધાર : N. : ૩૫૨, ૩૬૪
ખુલાસો ( અન્તિમ આરાધનાના પ્રકારો સંબંધી ) : શ્રી. કુંવરજી આણંદજી : ૩૬૯
જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા : પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી : ૩૭૪


## તત્ત્વજ્ઞાન


પ્રવચન–પ્રશ્નમાલા : પૂ. આ. મ. શ્રી વિજયપદ્મસૂરિજી :
( ક્રમાંક ૮૪ થી ચાલુ ) ૬૫, ૧૦૨, ૧૫૨, ૨૧૭, ૨૮૦, ૩૮૧ ( ચાલુ )
નિહ્નવવાદ : પૂ. મુ. મ. શ્રી ધુરંધરવિજયજી :
( ક્રમાંક ૮૪ થી ચાલુ ) ૧૨૫, ૨૪૧, ૩૦૩, ૩૦૪, ૩૩૦ ( ચાલુ )
નમસ્કાર મહામંત્ર : પૂ. મુ. મ. શ્રી ભદ્રંકરવિજય : ૧૪૫


## સ્તુતિ–સ્તોત્ર–સ્તવન આદિ


श्री महावीर–स्तवनम् (श्री अभयदेवसूरिनिर्मित) : पू. मु. म. श्री. कांतिसागरजी : १
श्री जैन सत्य प्रकाश (कविता): „ „ ૪૦ ની સામે
श्री साधारण जिन स्तवनम् ( संभवतः श्री मुनिसुन्दरसूरिनिर्मितम् ) :
पू. आ. म. श्री. विजयक्षमाभद्रसूरिजी : ४१
શ્રી ફલવર્દ્ધિપાર્શ્વનાથજીનો છંદ : શ્રી સારાભાઈ મણિલાલ નવાબ : ૪૭
श्री केशरियाजी वन्दना : पू. मु. म. श्री. भद्रंकरविजयजी : १९२
गुरुनामगुप्त श्रीआदिनाथस्तोत्र : पू. आ. म. श्री. विजयक्षमाभद्रसूरिजी : २२१
સીમંધર–વિનતિ–સ્તવન : પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી : ૨૨૨
श्रीआणंदविमलसूरि स्वाध्याय (श्री आणंदविजयकृत) पू. मु. म. श्री वल्लभविजयजी : ३५५


## તંત્રીની નોંધ


આભાર : ૩૮
આઠમું વર્ષ : ૩૯
આભાર અને વિનંતી : ૭૨ ની સામે
આભાર : ૩૪૫
વિક્રમ–વિશેષાંકની યોજના : ૩૫૨ ની સામે.


## ચિત્રો


શંખેશ્વર મહાતીર્થનું સુરમ્ય જિનમંદિર પહેલો અંક, મુખપૃષ્ઠ
„ „ ભવ્ય શિખર પાંચમો અંક, „
શ્રી રાણકપુર તીર્થનું વિશાળ જિનમંદિર ‘ ધરણ વિહાર ’ આઠમો અંક, „


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો ચોથો વિશેષાંક.

# ૧૦૦ મો ક્રમાંક વિક્રમ–વિશેષાંક તરીકે પ્રગટ કરવાની યોજના

આવતા વર્ષે સમ્રાટ્ વિક્રમના સંવત્સરને બે હજાર વર્ષ થશે. આથી જુદે જુદે સ્થળે અને ખાસ કરીને ગ્વાલિયર રાજ્યમાં ઉજ્જયિની નગરીમાં આ પ્રસંગ ઉત્સવરૂપે ઉજવવામાં આવનાર છે.

જૈનોનો સમ્રાટ્ વિક્રમ અને ઉજ્જયિની સાથે ઘનિષ્ટ સંબંધ હોવા છતાં તે સંબંધીનો જૈન ઇતિહાસ સાવ અંધારામાં જ છે. આ અવસરે પણ જો સમ્રાટ્ વિક્રમ સંબંધી જૈન ઇતિહાસ પ્રગટ કરવામાં ન આવે તો એ અંધકાર ચાલુ જ રહેશે. આથી અમારી સમિતિએ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો નવમા વર્ષનો ચોથો અંક, જે ક્રમાંક પ્રમાણે ૧૦૦ મો અંક થાય છે તે, વિક્રમ–વિશેષાંક તરીકે પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે. અને તેમાં જૈન ઇતિહાસની દૃષ્ટિએ નીચેના કે એના જેવા ઉપયોગી વિષયોના લેખો આપવામાં આવશે.

- विक्रमनो समय
- विक्रमनुं अस्तित्व
- विक्रमनुं मूळ नाम
- विक्रम संवत्
- विक्रमनो वंश
- विक्रमनो राज्यविस्तार
- विक्रम पहेलांना उज्जयिनीना शासको अने राजवंश
- विक्रम अने जैनो
- उज्जयिनी साथेनो जैनोनो संबंध
- विक्रमना समयनी महत्त्वनी जैन घटनाओ
- विक्रमना गुरु
- विक्रमनां धर्मकार्यो
- विक्रमनी राजसभाना पंडितो
- विक्रमना समकालीन महापुरुषो
- श्रीकालकाचार्य अने विक्रम
- विक्रम संबंधी दंतकथाओ अने तेनुं रहस्य
- विक्रमना समयमां रचायेल जैन साहित्य
- विक्रमचरित्रनां उपलब्ध साधनो

આથી અમે સર્વ પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિરાજો તેમજ જૈન અને જૈનેતર વિદ્વાનોને આ વિશેષાંકમાં આપી શકાય તેવા, ઐતિહાસિક દૃષ્ટિવાળા મુદ્દાસરના લેખો, ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી મોકલીને અમને સહકાર આપવાની આગ્રહ પૂર્વક વિનંતી કરીએ છીએ.

વ્યવસ્થાપક

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઇની વાડી, ઘીકાંટા, **અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી મદદ

શ્રી પર્યુષણા મહાપર્વના અવસરે, તે તે ગામમાં બિરાજતા પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને અમે સમિતિને સહાયતા કરવાનો ઉપદેશ આપવાની વિનંતી કરી હતી. અમારી આ વિનંતીને ધ્યાનમાં લઇને અમને નીચે જણાવેલ સંઘો અને મહાનુભાવો તરફથી મદદ મળી છે.

૫૧) પરમ પૂજ્ય મુનિમહારાજ શ્રી. દર્શનવિજયજી મહારાજ આદિના સદુપદેશથી શેઠશ્રી ભોળાભાઇ જેશિંગભાઇ, અમદાવાદ.

૩૧) પરમપૂજ્ય મુનિમહારાજ શ્રીચંપકસાગરજી મહારાજના સદુપદેશથી શ્રી સંઘ કમિટી, ખીવાણદી.

૨૫) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયતીન્દ્રસૂરિજી મહારાજના સદુપદેશથી શ્રીજૈન શ્વેતાંબર સંઘ, સીયાણા.

૨૫) પરમપૂજ્ય મુનિમહારાજ શ્રીયશોભદ્રવિજયજી મહારાજના સદુપદેશથી શ્રીજૈન યુવક મંડળ, વાપી.

૨૦ાા પરમપૂજ્ય મુનિમહારાજ શ્રીયશોભદ્રવિજયજી મહારાજના સદુપદેશથી શ્રીયુત ગુલાબચંદ મકનજી તરફથી શ્રીમતી ચંપા બહેન તથા શ્રીમતી રતન બહેને કરેલ અઠ્ઠાઇની તપસ્યા નિમિત્તે, વાપી.

પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રીભુવનવિજયજી ગણિના સદુપદેશથી પીંડવાડામાંથી ‘ શ્રીજૈન સત્ય પ્રકાશ ’ ના ૨૫ ગ્રાહકો નોંધાયા છે, અને બીજી મદદ મળવાની આશા છે.

આ મદદ માટે ઉપદેશ આપનાર પૂજ્ય મુનિમહારાજોનો અને મદદ મોકલનાર શ્રીસંઘ કે સદ્‌ગૃહસ્થોનો અમે આભાર માનીએ છીએ.

## વિનંતી

અન્ય શહેરોમાં કે ગામોમાં બિરાજતા અન્ય પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને સમિતિની મદદ માટે તે તે ગામના સંઘો અને સદ્‌ગૃહસ્થોને ભારપૂર્વક પ્રેરણા કરવાની અને ઉપદેશ આપવાની અને શ્રીસંઘ તથા સદ્‌ગૃહસ્થોને મદદ મોકલી સમિતિના કાર્યમાં સહકાર આપવાની અમે વિનંતી કરીએ છીએ.

આશા છે કે અમારી આ વિનંતી અવશ્ય સફળ થશે.

—વ્યવસ્થાપક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ **આના** (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **એક રૂપિયો.**

### (૩) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય **સવા** રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] **ક્રમાંક ૪૩**–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **ચાર આના.**

[૨] **ક્રમાંક ૪૫**–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **ત્રણ** આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના **બે રૂપીઆ**, પાકીના **અઢી રૂપીઆ**

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only